

# તીર્થમાલા

વિવેચક : ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી કૃત

# તીર્થમાળા



**સુઈગામ થઈને ગયેલો અને પાછા વળતાં પણ સુઈગામ આવેલો ૩૦૦ વર્ષ પૂર્વે નીકળેલો શ્રી છ'રિ પાલિત સંઘ. તેનું ગુજરાતીમાં સુંદર અને રોચક વર્ણન**

ગુજરાતી કાવ્યનું ગુજરાતી ભાષાન્તર કર્તા

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા** (સુઈગામવાળા)

: પ્રકાશક:

**શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**

**સુરત**

**પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦, મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૯, Ph. (0261) 2763070
Mob. : 9898330835

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન,
સી.પી. ટેન્ક રોડ, મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨



**પ્રકાશન વર્ષ**
વીર સંવત ૨૫૪૨
વિક્રમ સંવત ૨૦૭૨
ઈસ્વીસન્ ૨૦૧૬
પ્રથમ આવૃત્તિ




**કિંમત : રૂા. ૫૦-૦૦**
**શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ તરફથી સપ્રેમ ભેટ**

મુદ્રક : **ભરત ગ્રાફીક્સ,**
૭, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો, ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રસ્તાવના

વિક્રમ સંવત ૧૭૦૧ થી ૧૮૦૦ અને ૧૮૦૧ થી ૧૯૦૦ આ બન્ને સૈકામાં જૈન દર્શનના તત્ત્વને ખોલનારા ઘણા મહાત્મા પુરૂષો થયા છે. અકબર રાજાના પ્રતિબોધક પૂજ્ય હીરસૂરીશ્વરજી મ. સાહેબ પછી પૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ, પૂજ્ય ઉપાધ્યાય યશોવિજય મ. સા., પૂજ્ય શ્રી ચિદાનંદજી મ. સા., પૂજ્ય શ્રી મોહનવિજયજી મ.સા. તથા અધ્યાત્મયોગી પૂ. શ્રી દેવચંદ્રજી મ. સાહેબ આદિ મહાપુરુષો થયા છે. તેઓની સાથે કવિરાજ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજા પણ તે સૈકામાં જ થયા છે તેઓએ ઘણાં ઘણાં ચૈત્યવંદનો, સ્તવનો અને સ્તુતિ વિગેરે કાવ્યો બનાવ્યાં છે. તેઓશ્રી કવિરાજ હતા. કંઠ સારો, રાગ સારો, ગાવાની અને રચના કરવાની કળા સારી આવી શક્તિઓ હોવા છતાં ત્યાગી, વૈરાગી અને અધ્યાત્મી આ મહાત્મા યોગિરાજ હતા. ખરેખર દર્શનીય અને પૂજનીય હતા.

તેઓની જ નિશ્રામાં **સુરત શહેરથી** છ’રી પાલતો એક સંઘ નીકળેલો કે જે સંઘ છ મહીને પાછો સુરત શહેરમાં આવ્યો. આ સંઘ સુરતથી ભરૂચ–કાવી–ગંધાર, ખંભાત–સાણંદ–વીરમગામ–સમી–શંખેશ્વર–રાધનપુર–મોરવાડા થઈને સુઈગામ આવેલો. ત્યાંથી નગર પારકર તથા ગોડીગામ યાત્રા કરીને પાછા વળતાં સુઈગામ થરાદ–સાચોર થઈને મારવાડની પંચતીર્થીની યાત્રા કરીને પાછા વળતાં બામણવાડા–શીરોહી–અનાદરા થઈને આબૂપર્વત ઉપર ગયો. ત્યાં દેલવાડાનાં દેરાસરો તથા અચલગઢનાં દેરાસરોની યાત્રા કરીને પાછો નીચે ઊતરી પાલનપુર–મહેસાણા–અમદાવાદ થઈને છ મહિને સુરત આવેલો છે. તે સંઘનું આ કાવ્યમાં સુંદર વર્ણન કરેલું છે. તેથી આ તીર્થમાલા નામના કાવ્યનું વિવેચન તૈયાર



કરીને પ્રકાશિત કર્યું છે. આ સંઘ વિક્રમ સંવત (૧૭૫૫)માં નીકળેલો છે.

આ છ'રિ પાલિત સંઘનું કમસે કમ બે-ત્રણ વાર વાંચન કરવા ખાસ વિનંતી છે. છ'રિ પાલિત સંઘ એટલે જેને છેડે "રી" આવે છે એવા છ પદો જેમ કે (૧) એકલ આહારી, (૨) પાદવિહારી, (૩) સચિત્ત પરિહારી, (૪) બ્રહ્મચારી, (૫) ભૂમિસંથારી, (૬) આવશ્યક ક્રિયાકારી, આ છને અંતે "રી" શબ્દ આવે છે તે પાળતા સંઘને "છ'રિ" પાલન કરનાર સંઘ કહેવાય છે.

આવો સુંદર સંઘ વાજતે-ગાજતે ૧૭૫૫માં નીકળેલો તેનું આ કાવ્યમાં સુંદર વર્ણન છે. જે વાંચવાથી આપણા ભાંવોની વૃદ્ધિ થાય તેમ છે. એટલા માટે જ તેનું ગુજરાતી ભાષાન્તર કરીને આ તીર્થમાલાને અમે પ્રકાશિત કરી છે.


સર્વે પણ ભાઈ-બહેનો આ નાનકડી પુસ્તિકાને ચિંતન-મનન કરવાપૂર્વક વારંવાર વાંચે-વિચારે અને શ્રદ્ધા કરી ઘણા જ આનંદિત થાય અને આવાં સારાં કાર્યો કરવા માટે વધારે પ્રોત્સાહિત બને એ જ અભિલાષા...

લિ.

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

(સુઇગામવાળા)

ઠે. એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯
Ph, : (0261) 2763070
Mo. : 9898330835



# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત :-** નવકારથી સામાઇયવયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ :-** દેવસી-રાઇઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા :-** પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ :-** જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા :-** ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક :-** સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય :-** પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક) :-** સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ) :-** સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક) :-** પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા) :-** છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર :-** સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય :-** ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય :-** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન :-** પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ :-** મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ :-** પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, ૪૫ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ :-** પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત :-** વિવેચન સાથે.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ** :- પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧)** :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨)** :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩)** :- પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** :- પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામપંક્તિઓના વિવેચન યુકત અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય** :- અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ** :- પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ** :- પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આ.શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ''ગણધરવાદ''.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી** :- દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન.

૩૩. **સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપ્પઇ :-** છ સ્થાનોનું પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ પૂર્વક આ ગાથાઓમાં ખાસ તર્કયુક્ત બાલાવબોધ તથા સરળ ગુજરાતી સવિસ્તૃત વર્ણન.

૩૪. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨) :** પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે.

૩૫. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન. (બંધનકરણ)

૩૬. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિજીકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૭. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરપૂર ભરેલી ગીતા.

૩૮. **પુદ્ગલ ગીતા :** પૂજ્ય શ્રી ચિદાનંદજી મ,કૃત પુદ્ગલ ગીતામાં જીવોના આત્મકલ્યાણ કરનારી ઉત્તમ એવી ધર્મદેશના આપી છે તેના સરળ અને સવિસ્તૃત ગુજરાતી અર્થો

## ભાવિમાં લખવાની ભાવના

૩૯. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન.(સંક્રમકરણ આદિ બાકીના કરણોનાં ત્રણ ભાગો)

પરમ પૂજ્ય

શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી રચિત

# તીર્થમાલા

(શ્રી સુરતથી ધામધૂમપૂર્વક વિક્રમ સંવત ૧૭૫૫માં નીકળેલી એ તીર્થયાત્રા-સંઘ રાધનપુર-મોરવાડા **સુઇગામ**-નગરપારકર ગોડી ગામ-**સુઇગામ**-થરાદ-જીરાવલા-મારવાડ વિગેરે તીર્થોમાંથી પસાર થયેલી ૩૦૦ વર્ષો પૂર્વેની શ્રી જૈન સંઘની તીર્થયાત્રાની સ્મૃતિરૂપ કાવ્યનો સરળ ગુજરાતી અનુવાદ)

॥ ઢાળ પહેલી ॥

**શ્રી જિનવરતણા લીજીએ ભામણાં,**
**ચરણ પંકજ નમી ભાવશ્યું એ ॥**
**ચૈત્ય પરિપાટી એ પુન્યની વાડી ય,**
**પભણીય પ્રેમ બહુ લાવસ્યું એ ॥ ૧ ॥**

**મનમાં આનંદિયા જિનવર વંદિયા,**
**સત્તર પંચાવન વરિસમાંહિ ॥**
**ઢાલબંધિ કહું વંદિય ગહગહું,**
**સયલસુખ જિમ લહુ ધરી ઉચ્છાહિં ॥ ૨ ॥**

**ભાવાર્થ** : શ્રી જિનેશ્વર પરમાત્માના ચરણકમલને ભાવપૂર્વક વંદન-નમસ્કાર કરીને તેઓનાં ભામણાં (વધામણાં

મુખ આગળ હાથ જોડીને ગોળ ગોળ ફેરવવાપૂર્વક પ્રણામ કરવા દ્વારા કરાતાં વધામણાં) લહીએ. અર્થાત્ ભાવપૂર્વક નમસ્કાર કરીને વારંવાર પરમાત્માને સ્મૃતિ ગોચર કરીએ.

ચૈત્યોની પરિપાટી. (ક્રમસર જૈન તીર્થોનાં દર્શન કરવારૂપ જે ચૈત્યોની પરિપાટી) છે. તે પુન્ય બાંધવાની એક પ્રકારની લીલીછમ વાડી છે તેનું વર્ણન કરીને જિનેશ્વર પરમાત્મા પ્રત્યે અતિશય ભક્તિ હૈયામાં લાવીશું. ભક્તિભાવ ધારણ કરીશું. જે ભક્તિરસ ગાતાં ગાતાં હૈયાં નાચશે, આનંદ ઉભરાશે, હાર્દિક પ્રેમ પાંગરશે. ॥ ૧-૨ ॥

વિક્રમ સંવત (૧૭૫૫) સત્તરસોહ પંચાવનની સાલ હતી. તે કાળે જૈન સમાજના ભાઈઓ અને બહેનો ઘણા આનંદિત થયા હતા. સંઘ કાઢવા દ્વારા અનેક તીર્થોમાં શ્રી જિનેશ્વર પરમાત્માને વંદન કર્યાં, સુરતથી પૂજ્ય શ્રી **જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં સંઘ નીકળેલો. તે સંઘનું ઢાળબદ્ધ વર્ણન કરીને ભાવપૂર્વક વંદના કરીને હૈયામાં ઘણો ઉત્સાહ ધારણ કરીને તે તીર્થયાત્રા જે રીતે કરી હતી તેનું વર્ણન કરવાને હું ઘણો જ ઉત્સાહિત થયો છું. આ તીર્થયાત્રા ગાતાં ગાતાં સર્વ પ્રકારના સુખને અને આનંદને જાણે હું અનુભવતું હોઉં એવો અતિશય ઉત્સાહ આજે મારા હૃદયમાં વર્તે છે. એમ શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રી કહે છે. ॥ ૧-૨ ॥

**સારાંશ** : વિક્રમ સંવત ૧૭૫૫માં પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં સુરતથી મોટો સંઘ છરી પાળતો નીકળેલો. છ મહીના સુધી આ સંઘ ચાલ્યો હતો અનેક તીર્થોનાં દર્શન કરતાં કરતાં રાધનપુર-મોરવાડા-સુઈગામ ત્યાંથી નગરપારકર ત્યાંથી પાછા વળતાં સુઇગામ ભરડવા વિગેરે ગામોમાં થઈને મારવાડ તરફ યાત્રા અર્થે ગયો અને ત્યાંથી પાછા ફરતાં તારંગા-મહેસાણા અમદાવાદ થઈને સુરત ૧૭૫૫ ના જેઠ માસમાં આ સંઘ પાછો આવ્યો તેનું સવિસ્તર વર્ણન આ કાવ્યમાં કરવામાં આવ્યું છે. ॥૧-૨॥

**ઉચ્છાહ આણી લાભ જાણી**
**ભવિક પ્રાણી બહુ મિલી ।**
**લહીસુ ગુરુવાણી હૃદયે આણી**
**પૂરતા મનની રૂલી, ॥**
**શુભ લગ્ન યોગે વિધિ સંયોગે**
**યાત્રા કરવા સંચર્યા, ।**
**શ્રી સૂર્યપૂરવર થકી શ્રાવક-શ્રાવિકા**
**સપરિવારે પરિવર્યા ॥ ૩ ॥**

**ભાવાર્થ** : હૈયામાં ઉત્સાહ ધારણ કરીને સુરત નામના ગામથી નીકળેલા સંઘનું વર્ણન લોકો સાંભળશે અને જાણશે તો ઘણો લાભ થશે એમ જાણીને હું આ વર્ણન કરૂં છું.

ઘણા ભવ્ય જીવો સાથે મળીને શુભ યોગ આવ્યો ત્યારે અર્થાત્–ચંદ્રમાનો અને શુભ નક્ષત્રોનો યોગ મળ્યો ત્યારે સુરત નગરથી ઘણા ઘણા તીર્થોની યાત્રા કરવા માટે એક મોટો સંઘ નીકળ્યો હતો. જેમાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજાની નિશ્રા હતી તથા તે સંઘમાં ઘણાં શ્રાવક અને શ્રાવિકાઓનો પરિવાર હતો. ॥૩॥

**સારાંશ** : વિક્રમ સંવત ૧૭૫૫ માં પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સા.ની શુભનિશ્રામાં સુરત શહેરથી છ'રિ' પાળતો મોટો એક સંઘ નીકળ્યો હતો. જ્યારે શુભ દિવસ આવ્યો ચંદ્રમા સાથે શુભ નક્ષત્રોનો યોગ આવ્યો હતો ત્યારે ઘણા જ શ્રાવક શ્રાવિકાના પરિવાર સાથે તથા ઘણા ઘણા સાધુ–સાધ્વીજી મહારાજ સાહેબોની પણ સાથે આ મોટો સંઘ હૈયામાં ઘણો જ ઉત્સાહ ધારણ કરીને નીકળ્યો હતો તથા તે સંઘમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રા હતી. તે સંઘનું આ મધુર કાવ્યમાં વર્ણન કરવામાં આવ્યું છે. જે સંઘે ઘણા જ તીર્થોની યાત્રા કરી હતી. ॥ ૩ ॥

॥ ઢાળ બીજી ॥

**ધુર થકી સહરીમાં, વંદિયા પાસ ચિંતામણિ વારૂ, ।**<br>
**ધર્મ જિનેસર નમિ, જિન કુંથુ જિનેસર તારૂ, ॥ ૪ ॥**

**ઋષભ જિનેસર શાંતિજી, શાંતિકરણ જગનાથ,**
**ઇત્યાદિક બહુ જિનવર, પ્રણમી શિવપુર સાથ, ॥ ૫ ॥**

**ભાવાર્થ** : સૌથી પ્રથમ તો સુરત શહેરમાં જ બીરાજમાન ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુને વંદના કરી, તથા આ જ શહેરમાં જુદા જુદા પરામાં બીરાજમાન ધર્મનાથ જિનેશ્વર પ્રભુ, નમિનાથ પ્રભુ, કુંથુનાથ પ્રભુ તથા તારક એવા શ્રી ઋષભદેવ પ્રભુ તથા શાન્તિને કરનારા એવા જગતના નાથ શાન્તિનાથ પ્રભુ ઇત્યાદિ મુક્તિનગરના સાથી એવા અને આ જ ગામમાં બીરાજમાન એવા ઘણા જિનેશ્વર ભગવાનને આ સંઘે પ્રયાણ કાલે વંદના કરી ।।૪-૫।।

**સારાંશ** : વિક્રમ સંવત ૧૭૫૫ ના વર્ષમાં જ્યારે આ સંઘે સુરતનગરથી યાત્રા શરૂ કરી ત્યારે સૌથી પ્રથમ સુરતશહેરમાં જ બીરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાનાં ચતુર્વિધ સંઘ સાથે અનુપમ ઉત્સાહપૂર્વક હૈયાના ભાવ સાથે દર્શન-વંદન કર્યાં. ત્યારબાદ સુરત શહેરના જ જુદા જુદા પરામાં બીરાજમાન એવા શ્રી ધર્મનાથ જિનેશ્વર પ્રભુ, શ્રી નમિનાથ જિનેશ્વર પ્રભુ, શ્રી કુંથુનાથ જિનેશ્વર પ્રભુ, તથા શ્રી ઋષભનાથ જિનેશ્વર પ્રભુ અને વળી શાન્તિને કરનારા તથા ત્રણ જગતના નાથ એવા શ્રી શાન્તિનાથ પ્રભુ ઇત્યાદિ ગામમાં જ બીરાજમાન એવા તથા ઘણાં ઘણાં દેરાસરોમાં પ્રતિષ્ઠિત એવા પરમાત્માનાં દર્શન વંદન કર્યાં સૌથી પ્રથમ તો ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરીને ઘણા ઘણા

સાધુ–સાધ્વીજી અને શ્રાવક–શ્રાવિકાના પરિવાર સાથે સુરતના જુદાં જુદાં પરામાં બીરાજમાન ધર્મનાથ, નમિનાથ, કુંથુનાથ ઋષભદેવ અને શાન્તિનાથ પરમાત્માને વંદના કરીને ઘણા જ ઠાઠમાઠ સાથે અનેક પ્રકારનાં વાજીંત્રો વાગતે છતે તથા છડી પોકાર આદિના અવાજો ગાજતે છતે વધતા હૈયાના ઉમળકા સાથે આ સંઘ સુરતથી શુભ મુહૂર્તે વિદાય થયો. ॥ ૪–૫ ॥

**વારૂ ઋષભ તે જોતર્યા, સખર સજી સેજવાલી, ।**
**વડવખતી વિવહારીયા, વિધિ સ્યું પાપ પખાલી, ॥ ૬ ॥**

**રાંદેર મંદિરે આવીયા, નેમિ જિનેસર વંધા, ।**
**નવનિધિ સમ નવઠામિં, જિનવર દેખી આનંધા, ॥ ૭ ॥**

**ભાવાર્થ** : ઘણા સારા બળદો ગાડે જોડ્યા, તે બળદોના શરીર ઉપર સુંદર સેજવાળી. (બળદોને શણગારવાનો સાજ તથા ઘુઘરા વિગેરેની સેજવાણી) ગોઠવી. આત્માને લાગેલાં પાપોનોં નાશ કરે તેવી શ્રેષ્ઠ વિધિપૂર્વક મોટા ઉત્સાહ સાથે આ સંઘે સુરત શહેરથી પ્રયાણ ચાલું કર્યું. ॥ ૬ ॥

સૌથી પ્રથમ રાંદેર ગામના જૈનમંદિરમાં ચતુર્વિધ સંઘ સાથે ગુરુજી પધાર્યા ત્યાં બીરાજમાન શ્રી નેમિનાથ પરમાત્માને ઘણી જ વિધિપૂર્વક વંદના કરી, જાણે કે ચક્રવર્તીની નવ નિધિ જ હોય તેવા જુદા જુદા નવ સ્થાનોમાં બીરાજમાન નવ જિનેશ્વર દેવોને હૈયાના ઘણા જ ભાવપૂર્વક વંદના કરી. ॥ ૭ ॥

**સારાંશ :** પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં નીકળેલા આ ચતુર્વિધ શ્રી સંઘ સુરત શહેરનાં દેરાસરોનાં દર્શન કરીને સૌથી પ્રથમ રાંદેર મુકામે આવ્યો. ત્યાં ચતુર્વિધ શ્રી સંઘ સાથે હૈયાના ઘણા જ ઉત્સાહપૂર્વક નેમિનાથ જિનેશ્વર પ્રભુનાં દર્શન કર્યાં.

આ સંઘમાં લેવાયેલાં બળદગાડાં અમાપ હતાં. ગણી ન શકાય તેટલાં હતાં. દરેક ગાડાના બળદોને શણગારવાના સાજથી શણગાર્યા હતા. તથા ગળે અને પગે સારા એવા ઘુઘરા બાંધ્યા હતા. ઘણી જ શોભા સાથે ઘણા જ ઉત્સાહ અને ઘણા જ ઉમંગ સાથે આ સંઘે સુરત શહેરથી પ્રયાણ ચાલું કર્યું. સૌથી પ્રથણ સુરત શહેરનાં દેરાસરોનાં દર્શન કરીને પ્રથમ પડાવ રાંદેર નામના પરામાં કર્યો.

ત્યાં બીરાજમાન નેમિનાથ પરમાત્માને ઘણા જ ભાવ સાથે તથા અનેરા ઉત્સાહ સાથે વિધિપૂર્વક વંદના કરી. તે દેરાસરની ભમતીમાં રહેલા તથા આજુ બાજુમાં સ્થાપન કરેલા નવ જિનેશ્વર પરમાત્માને વંદના કરી, કે જે નવ જિનેશ્વર ભગવંતો ચક્રવર્તીના નવ રત્નતુલ્ય ભાસતા હતા. આવા પ્રકારના અપૂર્વ ઉત્સાહ સાથે આ સંઘે રાંદેર તીર્થનાં દર્શન કર્યા પછી આગળ પ્રયાણ ચાલુ કર્યું. ॥ ૬–૭ ॥

॥ ઢાળ ત્રીજી ॥

**તિહાંથી આઘા સંચરી, ભરૂઅચિં આવેં,**
**પાસ કલ્હારો ઋષભદેવ, પ્રણમી સુખ પાવે,**

**શ્રી મુનિસુવ્રતસ્વામી ઠામિ, સામલિયા વિહાર,**
**મૂલ તીરથ એ જાણીએ, મહિમાનો ભંડાર, ॥૮॥**
**સત્યરિ સય જિનબિંબ, પટ્ટ આરસમય દીપે,**
**સપ્તધાતુમય બિંબ, ત્રણ્ય તેજેં ત્રિભુવન જીપે ॥**
**નવ પ્રાસાદના બિંબ, સર્વ દેખી આનંદે,**
**પૂરવ સંચિત અશુભ કર્મ, સવિ દૂર નિકંદે ॥૯॥**

**ભાવાર્થ :** ત્યાંથી (રાંદેરથી) આઘા (દૂર દૂર) વિહાર શરૂ કર્યો. છ'રી' પાળતા પાળતા શ્રી ચતુર્વિધ સંઘ સાથે ઘણા જ આનંદ-પ્રમોદ સાથે ઢોલ-નગારાં અને સરણાઇઓના વિવિધ ગુંજારવ સાથે વિહાર કરતો કરતો આ શ્રી સંઘ ભરૂચનગરમાં આવ્યો.

ત્યાં બીરાજમાન પાર્શ્વનાથ પ્રભુને તથા કાળા વર્ણવાળા શ્રી ઋષભદેવ પ્રભુને પ્રણામ કરીને ચતુર્વિધ શ્રીસંઘે ઘણો જ આનંદ પ્રાપ્ત કર્યો. તથા જે મન્દિરમાં શ્રી મુનિસુવ્રત-સ્વામીજી બીરાજે છે એવું "શ્યામલીયા વિહાર" અર્થાત્ "શમળીવિહાર" આ નામનું મૂળભૂત તીર્થ ઘણા જ ઘણા મહિમાના ભંડારવાળું છે. આવું જાણીને આરસની પ્રતિમાજી રૂપે બીરાજમાન એવા (૧૭૦) એકસોહ સીત્તેર જિનેશ્વર પરમાત્માનાં પ્રતિમાજી છે તે સર્વને વંદના કરી. તથા સાત ધાતુમાંથી બનાવેલાં અને તેજથી ત્રણ ભુવનને જિતનારાં એવાં ત્રણ મોટાં પ્રતિમાજી શોભે છે ત્યાં નાના-મોટા કુલ નવ જૈનમન્દિરોમાં બીરાજમાન એવાં સર્વ પ્રતિમાજીનાં દર્શન

કરીને સંઘના સર્વ ભાઈ–બહેનો ઘણા જ આનંદને પામ્યા. ભક્તિરસમાં આવીને ઘણા નાચ્યા કુદ્યા, દાંડીયા રાસ રમ્યા અને ભાવનાની વધતી ધારામાં પૂર્વે બાંધેલાં અશુભ કર્મોનો નાશ કરીને કર્મોના સ્કંધોને દૂર કર્યા. ॥૮–૯ ॥

**સારાંશ** : શ્રી ચતુર્વિધ સંઘ સાથે રાંદેરથી વિહાર કરીને પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રી તથા શ્રી ચતુર્વિધ સંઘ ધીમે ધીમે વિહાર કરતો કરતો ભરૂચનગરમાં આવ્યો. ત્યાં આવીને શ્રી પાર્શ્વનાથ પરમાત્મા તથા કાળા વર્ણવાળા શ્રી ઋષભદેવ પરમાત્માને ઘણા જ ભાવપૂર્વક વંદના કરીને આ સંઘ અપાર આનંદસુખને પામ્યો. તથા ત્યાં બીરાજમાન શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માવાળું ''શમળી વિહાર'' નામનું જે મૂળભૂત તીર્થ છે. જેનો મહિમા અપરંપાર છે. તે તીર્થને હૈયાના ઉછળતા ભાવપૂર્વક વંદના કરી તથા સાથે સાથે ભરૂચ ગામમાં નાનાં-મોટાં જે નવ દેરાસર છે. તેમાં બીરાજમાન સર્વ પરમાત્માને ભક્તિભાવપૂર્વક વંદના કરીને સકળ સંઘ ઘણો જ હરખાયો. ઘણા જ આનંદમાં આવ્યો. ત્યાં વિવિધ વાજીંત્રોના નાદ સાથે દાંડીયા રાસ રમવા પૂર્વક પરમાત્માની સામે ભક્તિરૂપે ગાન-તાન કરીને ઘણા જ ઉછળતા હૈયાના ભાવ સાથે વંદના-પૂજના કરતાં કરતાં પૂર્વકાળમાં બાંધેલાં સર્વ અશુભ કર્મોનો સમૂહ ઘણો જ દૂર કર્યો અર્થાત્ ભક્તિભાવમાં આવીને

સ્તવના–વંદના કરતાં કરતાં ઘણાં જ ઘણાં અશુભ કર્મો ખપાવ્યાં. ॥ ૮–૯ ॥

**અનુક્રમે વડગામ આવી મહાવીર જુહારે, ।**
**અતિ ઉમંગમાંહી આવીયા ગંધાર મઝારિં ॥**
**સોવનવાનિં વર્ધમાનસ્વામી જબ દીઠા, ।**
**બિંબ અનેકે ઋષભદેવ ચિત્ત અમીય પઇઠ્ઠા ॥૧૦॥**

**ભુહરામાંહિ ત્રિણ્ય બિંબ પાસ જિનવરકેરાં, ।**
**અતિ ઉત્તંગ સોહામણાં ભાજે ભવભય ફેરા ॥**
**તિહાંથી આઘા આવીયા, જિહાં બંદર કાવી. ।**
**તિહાં જિનબિંબ પૂજા કરી બહુ ભાવના ભાવી ॥ ૧૧ ॥**

**ભાવાર્થ :** સુરતથી નીકળેલો આ છ'રિ' પાલિત સંઘ રાંદેર અને ભરૂચ તીર્થની યાત્રા કરીને ધીરે ધીરે વિહાર કરતો કરતો વડગામ નામના ગામમાં આવ્યો ત્યાં બીરાજમાન શ્રી મહાવીર પરમાત્માને વંદના કરીને અતિશય ઉમંગ સાથે અર્થાત્ ઘણા જ હર્ષ સાથે નાચતા નાચતા પરમાત્માની ભક્તિ કરવાની ભાવના સાથે ગંધાર નામના ગામમાં આ સંઘે પ્રવેશ કર્યો. માત્ર સોનાની બનાવેલી શ્રી વર્ધમાન સ્વામીની પ્રતિમાજીનાં જ્યારે દર્શન કર્યાં ત્યારે, તથા ઋષભદેવ પ્રભુ વિગેરે અનેક જિનેશ્વર પ્રભુને વંદના કરી ત્યારે જાણે ચિત્તમાં અમૃતની ધારા વરસી રહી હોય તેવો અનેરો આનંદ પ્રગટ્યો. (આનંદ અનુભવ્યો.)

તે દેરાસરના ભોંયરામાં પાર્શ્વનાથ પરમાત્માનાં ત્રણ પ્રતિમાજીનાં દર્શન કર્યાં. જે પ્રતિમાજી અતિશય ઉંચાં હતાં, શોભાયમાન હતાં, જેમનાં દર્શન કરતાં જ ભવના ભયના ફેરાને ટાળનારાં આ પ્રતિમાજી હતાં. આવા ભાવોની વૃદ્ધિ કરનારા પરમાત્માનાં દર્શન કરીને તે સંઘ ધીરે ધીરે આઘો (આગળ) વધ્યો. એમ કરતાં કરતાં જ્યાં કાવી નામનું બંદર છે. ત્યાં આ સંઘ આવ્યો. ત્યાં કાવી તીર્થમાં જિનેશ્વર પરમાત્માની પૂજા-વંદના કરીને રાત્રિના ટાઈમે પરમાત્માની સામે ઘણી સારી ભક્તિભાવના જમાવી. પરમાત્માની સામે ગીત-સંગીત અને નૃત્યાદિ કળા સાથે શ્રેષ્ઠ ભાવનામાં આ સંઘ ઘણો જ ઘણો ગરકાવ થયો. ભક્તિરસમાં ડુબી ગયો. ભક્તિભાવનાના આનંદની લહેરોમાં તરબોળ થઈ ગયો. ॥ ૧૦-૧૧ ॥

**સારાંશ** : ભરૂચ તીરથની યાત્રા કરીને જંબુસર થઈને વચમાં આવતા ''વડગામ'' નામના ગામમાં શ્રી મહાવીરસ્વામી પરમાત્માની ભક્તિ-વંદના કરીને ધીરે ધીરે વિહાર કરતો કરતો સુરતથી નીકળેલો આ સંઘ અનુક્રમે ગંધારનગરમાં આવી પહોંચ્યો. ગંધારનગરમાં સુવર્ણવર્ણી કાયાવાળા શ્રી વર્ધમાનસ્વામીને જ્યારે જોયા ત્યારે, તથા ત્યાં બીરાજમાન એવા શ્રી ઋષભદેવ પરમાત્મા તથા બીજા પણ અનેક પ્રતિમાજીને વંદના-નમસ્કાર કર્યા ત્યારે સકલ સંઘ ઘણો જ હર્ષિત થયો. મનમાં એવો અનુભવ થવા લાગ્યો કે જાણે હૃદયમાં અમૃતની ધારાએ પ્રવેશ કર્યો હોય તેવું સકલ સંઘનું મુખ અને મન પ્રસન્ન પ્રસન્ન થયું.

તે ગંધાર નામના નગરમાં દેરાસરના ભોંયરામાં પાર્શ્વનાથ પરમાત્માનાં સુંદર દેદીપ્યમાન એવાં ત્રણ પ્રતિમાજી અતિશય વધારે ઉંચાઇવાળાં હોવાથી એવાં તો તે પ્રતિમાજી શોભે છે કે જાણે નિરખ્યા જ કરીએ, નિરખ્યા જ કરીએ, સકલ સંઘે સાથે મળીને ઘણા જ ભાવપૂર્વક ચૈત્યવંદન આદિ વિધિ સાચવવા સાથે દર્શન-વંદન અને પૂજન કરીને ભક્તિરસમાં તરબોળ થઈને સંસારમાં ભટકવાના જે ભવના ફેરાનો ભય હતો તેનો નાશ કરીને નિકટના ભવમાં મુક્તિગામી થવાનો મનમાં પાકો નિર્ણય કર્યો અને તેનાથી ઘણો જ આનંદ પ્રાપ્ત કર્યો.

ત્યારબાદ તે સંઘના ભાઈઓ અને બહેનો તે ગંધારથી વિહાર કરી આઘા આવ્યા. (અર્થાત્ વિહાર કરીને બીજા ગામ તરફ આ સંઘ ચાલ્યો) ચાલતાં ચાલતાં "કાવી" નામના બંદરે આ સંઘ આવી પહોંચ્યો. કાવી ગામના જૈન મન્દિરમાં વીતરાગ પરમાત્માનાં બિંબોની પૂજા-ભક્તિ કરીને રાત્રિના સમયે ઘણી સુંદર ભાવના જમાવી. ઘણાં સ્તવનો ગાયાં, ડાંડીયા-રાસ લીધા અને પ્રભુભક્તિનો ઘણો જ આનંદ માણ્યો. તથા ભાવનામાં તરબોળ થયા.

॥ ઢાળ ચોથી ॥

**કાવી ઠામ એક દેહરાસર, તેહ જુહાર્યું, ।**
**અતિ ઉલટ ભરી, ભાવ અધિક મનિ આણતો ॥**
**જ્યો જ્યો ભાવ, ॥ ૧૨ ॥**
**તિહાં થકી સાણંદે આવ્યા, પદ્મપ્રભ નિરખી સુખ પામ્યા,**
**બિંબ અવર સંભલાવ્યાં. ॥ જ્યો જ્યો ભાવ. ॥ ૧૩ ॥**

**ભાવાર્થ :** ''કાવી'' નામના તીર્થસ્થાનમાં સુંદર ભવ્ય એક દેરાસર છે તે દેરાસરમાં બીરાજમાન જિનપ્રતિમાજીને નમસ્કાર–વંદના–ચૈત્યવંદના આદિ કર્યાં જ્યારે આ વિધિ કરાતી હતી ત્યારે અતિશય ઉલ્લાસ ધારણ કરીને મનમાં ઘણો જ ઘણો ભાવ લાવવાપૂર્વક વીતરાગ પરમાત્માની ભક્તિ કરી. તે કાવી નામના ગામથી વિહાર કરીને આ સંઘ ધીમે ધીમે વિહાર કરતો કરતો સાણંદ ગામમાં આવ્યો. ત્યાં સાણંદ નામના ગામમાં પદ્મપ્રભ પ્રભુજીને જોઈ જોઈને આ શ્રી સંઘ અતિશય હર્ષ પામ્યો. પ્રભુજીની સામે ભક્તિ–ભાવનામાં લયલીન તથા અતિશય હર્ષાવેશમાં લયલીન બન્યો. પદ્મપ્રભ પ્રભુજીને જોઈ જોઈને ઘણો જ હર્ષ પામ્યો. તથા આ જ ગામમાં બીરાજમાન બીજાં જે પ્રતિમાજી હતાં તે સર્વનાં દર્શન–વંદન કર્યાં. તે કાળે બધાં જ પ્રતિમાજીને વંદન કરવાનું કાર્ય બરાબર સંભાળ્યું. બરાબર વિધિપૂર્વક આ કાર્ય કર્યું. ॥ ૧૨–૧૩ ॥

**સારાંશ :** ગંધારથી કાવી આવીને કાવી તીર્થની ભક્તિભાવપૂર્વક યાત્રા કરીને પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી

મહારાજશ્રીજીની સાથે નીકળેલો આ સંઘ ધીરે ધીરે સાણંદ સુધી આવ્યો. (કાવીથી દરિયાની ખાડી ઉતરીને ખંભાત થઈને વાયા તારાપુર થઈને સાણંદ આવ્યો હશે એમ કલ્પના કરાય છે). સાણંદમાં આવ્યા પછી ત્યાં બીરાજમાન શ્રી પદ્મપ્રભ પ્રભુની ઘણા જ ભાવ સાથે ભક્તિ કરીને બીજાં જે પ્રતિમાજી ત્યાં હતાં. તે સર્વનાં વૃદ્ધિ પામતા હૈયાની ભાવના સાથે દર્શન-વંદન-પૂજન કર્યાં. ॥૧૨-૧૩ ॥

**ગોધાવી ગોર જ વીરમગામિં, બિંબ અનેક અછે અભિરામ ।**
**ભાવિ વાંદ્યા સ્વામિ તો, જ્યો જ્યો ભાવ, ॥ ૧૪ ॥**

**ભોજુયાગામે પ્રતિમા ખાસ, માંડલીમાં ગાડરીઓ પાસ ।**
**વાંદ્યા ચિત્ત ઉલ્લાસ તો, જ્યો જ્યો - ભાવ. ॥ ૧૫ ॥**

**ભાવાર્થ** : પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં સુરતથી નીકળેલો આ સંઘ ધીરે ધીરે વિહાર કરતો કરતો આગળ વધતાં વધતાં ગંધાર અને કાવી તીર્થની યાત્રા કરીને સાણંદ મુકામે આવ્યો. ત્યાં પદ્મપ્રભ પ્રભુજીની સેવા-ભક્તિ કરીને સાણંદની પાસે આવેલા ગોધાવી તથા ગોરજ નામના ગામમાં જવા સાથે ત્યાંના દેરાસરોમાં બીરાજમાન જિનેશ્વર પરમાત્માનાં બિંબોને વંદના કરવાપૂર્વક ધીરે ધીરે આગળ વધતાં વધતાં વીરમગામ નામના ગામમાં આ સંઘ આવી પહોંચ્યો.

આ વીરમગામ નામના ગામમાં મનોહર એવાં અનેક

વીતરાગ પરમાત્માનાં પ્રતિમાજી દેરાસરોમાં બીરાજમાન છે. તે સર્વને હૈયાના ભાવપૂર્વક વંદન કરીને ભાવિમાં એટલે કે આવતી ચોવીશીમાં થનારા પરમાત્માના સ્થાપિત પગલાંને તથા પ્રતિમાજીને વંદના કરીને આ ચતુર્વિધ સંઘ સાથેનો મોટો સંઘ ભોજુઆ નામના ગામમાં દર્શન કરીને માંડલ નામના ગામમાં આવ્યો.

માંડલ નામના ગામમાં આવીને ત્યાં બીરાજમાન એવા ગાડરીયા પાર્શ્વનાથ પરમાત્માને ચિત્તના (મનના) ઘણા જ ઉલ્લાસપૂર્વક અર્થાત્ ભાવપૂર્વક વંદના કરી. ॥ ૧૪-૧૫ ॥

**સારાંશ** : ગંધાર અને કાવિ તીર્થની યાત્રા કરીને આગળ વધેલો આ સંઘ ખંભાતના રસ્તે થઈને સાણંદ ગામમાં આવ્યો. ત્યાંના પ્રતિમાજીને વંદના કરીને ગોધાવી નામનું ગામ, તથા ગોરજ નામનું ગામ પસાર કરી ત્યાં બીરાજમાન જિનેશ્વર પરમાત્માનાં દર્શન-વંદન-સેવા-પૂજા કરીને આ સંઘ અનુક્રમે વીરમગામ નામના ગામમાં આવી પહોંચ્યો. વીરમગામના સંઘે તે સંઘનો ઘણો જ ભવ્ય સત્કાર કર્યો ત્યાં બીરાજમાન સર્વ ભગવંતોનાં દર્શન-વંદન કર્યાં તથા ત્યાં બીરાજમાન આવતી ચોવીશીના ભગવંતોનાં પ્રતિમાજીને અને તેઓનાં પગલાંને વંદના કરીને 'ભોજુઆ'' નામના ગામમાં જે પ્રતિમાજી બીરાજમાન છે. તેને વંદના કરીને અનુક્રમે માંડલ નામના ગામમાં આ સંઘ આવ્યો.

માંડલ ગામમાં બીરાજમાન "ગાડરીયા" પાર્શ્વનાથ પ્રભુનાં ચિત્તના ઉલ્લાસપૂર્વક દર્શન વંદન કર્યા. ॥ ૧૪–૧૫ ॥

**મુજપુરે ઝોટિંગો પાસ, અવર બિંબ બહુ ગુણ આવાસ, ।**
**પ્રણમ્યો થયો ઉલ્લાસ તો, જ્યો જ્યો ભાવ. ॥ ૧૬ ॥**
**તિહાં થકી સમી શહેરે આવ્યા,**
**સાધર્મિક જન બહુ સુખ પામ્યા॥**
**કેતાઇક દિન તિહાં ઠાયા તો, જ્યો જ્યો ભાવ. ॥૧૭॥**

**ભાવાર્થ** : માંડલ ગામથી આગળ વધતો આ સંઘ ઘણા જ મોટા પરિવાર સાથે જ્યારે "મૂજપુર" નામના ગામમાં આવી પહોંચ્યો ત્યારે ચારે બાજુ ઘણો જ ઘણો માનવ મહેરામણ ઉભરાયો, જૈનેતર લોકોનાં ટોળે ટોળાં આ સંઘ જોવાને આતુરતાપૂર્વક બન્ને બાજુ લાઈનસર ઉભાં હતાં. સંઘના ભાઈઓ પણ નાચતા–કુદતા–ગાતા–ગાતા–મ્હાલતા મ્હાલતા ચાલતા હતા. બહેનો પણ નવા નવા રંગોવાળી વેષભૂષા કરવાપૂર્વક ધવલમંગળ ગાતી ગાતી તથા હાથતાળી લેતી લેતી અતિશય લટકા સાથે હસતા મોઢે ચાલતી હતી.

આજુ–બાજુના ગામડાના લોકોની ભારે મેદની આ સંઘને જોવા માટે ચારે તરફ દોડતી હતી. વાતાવરણ દેવલોકના દેવો કરતાં પણ ઘણું જ રમણીય બન્યું હતું. એમ કરતાં કરતાં મુજપુરમાં આવેલા આ સંઘે ત્યાં બીરાજમાન એવા શ્રી ઝોટીંગા પાર્શ્વનાથ પ્રભુનાં તથા ઘણા ઘણા ગુણોના આવાસભૂત એવાં બીજાં પણ ઘણાં પ્રતિમાજીનાં દર્શન–વંદન

કર્યાં. પોતાના જીવનની ધન્યતા અનુભવી. પરમાત્માને વંદના કરતાં કરતાં અતિશય ઉલ્લાસની ધારા વૃદ્ધિ પામી, એમ કરતાં કરતાં મોટા મોટા જય જયના હર્ષનાદ સાથે આ સંઘ **સમી** નામના ગામમાં પ્રવેશ પામ્યો. મુજપુરથી સમી શહેરમાં આ સંઘ આવ્યો. ''સમી'' એક નાનું શહેર હોવાથી ત્યાંના સર્વે સાધર્મિક ભાઈઓ સંઘના ભાઈઓ સાથે એક-મેક થઈ ગયા અને જાણે મિત્રોની જેવા જ્ઞાતિજનો મળ્યા હોય તેવો ઘણો આનંદ પામ્યા.

આ સંઘમાં આવેલા ભાઈ-બહેનોને પણ આ ગામમાં ખાવા-પીવાની અને રહેવાની ઘણી મઝા પડી ગઈ. બન્ને સંઘો એકાકાર બની ગયા. તે કારણે કેટલાક દિવસો સુધી આ સંઘે અહીં સમી ગામમાં સ્થિરતા કરી અને આત્મિક આનંદ પ્રમોદ સાથે અધ્યાત્મની ભાવનાની વૃદ્ધિમાં સંઘના દિવસો પસાર થતા ગયા. ॥ ૧૬-૧૭ ॥

**સારાંશ** : આ સંઘ માંડલથી મુઝપુર આવ્યો. અને માંડલમાં ઝોટીંગા પાર્શ્વનાથ પરમાત્માની સેવા-પૂજા કરીને લાભ લીધો. ત્યારબાદ ઘણા જ ઉલ્લાસ અને આનંદ સાથે વિહાર કરીને મુઝપૂર થઈને અનુક્રમે ચાલતો ચાલતો આ શ્રી સંઘ સાજન-મહાજન સાથે ''**સમી**'' નામના નગરમાં પધાર્યો. ત્યાંના બધા સાધર્મિક ભાઈ-બહેનો ઘણું સુખ અને આનંદ પામ્યા. સંઘના બધા જ ભાઈઓને આ સમી ગામમાં

ઘણું જ ગમી ગયું. ગામ પણ કંઈક મોટું છે. એમ સમજીને કેટલાક દિવસો ત્યાં જ રહ્યા અને વીતરાગ પરમાત્માની સેવા - ભક્તિ સુરતના સંઘે તથા ગામના ભાઇ-બહેનોએ સાથે મળીને કરી. પરસ્પર સાધર્મિકપણાના સંબંધનો ગાઢ સ્નેહ બંધાયો. ॥ ૧૬-૧૭ ॥

**ધર્મસનેહી પૂરવનેહેં, શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વર વેગઈ, ।**
**વાંધા તિહાં સુવિવેકે તો, જ્યો જ્યો ભાવ. ॥ ૧૮ ॥**
**અંગપૂજા પ્રભાવના કીધી, સોહાગણિ મલી સાંઝી કીધી ।**
**બહુ શોભા તિહાં કીધી તો, જ્યો જ્યો ભાવ. ॥ ૧૯ ॥**

**ભાવાર્થ** : ધર્મના સ્નેહી એવા શ્રાવક અને શ્રાવિકાઓએ પૂર્વ અવસ્થાના સ્નેહભાવના કારણે વેગે વેગે દોડી આવીને પૂજ્યશ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીને અતિશય ઘણા જ વિવેકપૂર્વક વંદના કરી. તથા ગુરુજીના અંગોની વાસક્ષેપ આદિ વડે પૂજા કરી, ચતુર્વિધ શ્રીસંઘમાં પ્રભાવનાઓ કરી સૌભાગ્યશાળી બહેનોએ સાથે મળીને ગુરુજીના બહુમાનાર્થે સાંઝી કરી. આ કાળે જૈન શાસનની ઘણી શોભા વધી. ત્યાંના ઘણા ઘણા લોકો જૈનધર્મ પામ્યા. સારા સંસ્કારો પણ પામ્યા. ॥ ૧૮-૧૯ ॥

**સારાંશ** : સુરતથી છ'રી' પામતો નીકળેલો આ સંઘ પૂજ્યપાદ શ્રીજ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં વિહાર કરતો કરતો ''**સમી**'' મુકામે આવ્યો. સમી ઘણું જ

ધર્મિષ્ઠ ગામ હોવાથી ત્યાંનો સંઘ પણ આ સંઘ સાથે જોડાયો અને પરમાત્માની ઘણી ઘણી ભક્તિ-ભાવના કરી-પૂજા-પ્રભાવનાદિ કાર્યોમાં ગરકાવ થયો.

તથા પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજા પૂર્વકાલમાં એટલે કે આ સંઘ નીકળ્યો તે પહેલાં આ દેશમાં વિચરેલા હોવા જોઈએ અથવા આ દેશમાં તેઓનાં જન્મ-દીક્ષા આદિ હોવાં જોઈએ તેથી જ કવિરાજ લખે છે કે ''ધર્મસનેહી પૂર્વનેહે'' પૂર્વકાળના ધર્મસ્નેહના કારણે સમસ્ત આ ગામના સંઘે પૂજ્યપાદ શ્રી જ્ઞાનવિમલ- સૂરીશ્વરજીને અતિશય ઘણા જ ભાવપૂર્વક વંદના કરી. તથા તેમના અંગોની વાસક્ષેપથી પૂજા કરી અને ઘણી પ્રભાવનાઓ કરી.

તથા વળી સૌભાગ્યશાળી (સધવા) સ્ત્રીઓએ સાથે મળીને ઉછળતાં ઉમંગે સુંદર ''સાંઝી'' કરી. ગુરુજીના આગમનને હર્ષભેર વધાવ્યું અને જૈનેતર લોકો પણ જૈન શાસન પામે એવી શાસનની સુંદર શોભા વધારી. ॥ ૧૮-૧૯ ॥

**વીર જિનેસર સામલ પાસ, શાન્તિનાથ પ્રગટાવ્યા ઉલ્લાસ।**
**ભક્તિ કરી તાસ ખાસ તો, જ્યો જ્યો ભાવ. ॥ ૨૦ ॥**

**ઠામિ ઠામિ વળી જે દેહરાસરિ, ભક્તિ કરી બહુ જન મનહરે।**
**સકલ સમાહિત સુરતરૂ તો, જ્યો જ્યો ભાવ. ॥ ૨૧ ॥**

**શ્રી શંખેશ્વર પાસ ભેટ્યા, ભવભયના દૂખ દૂરે મેટ્યા ।**
**પૂજા વિવિધ પ્રકાર તો, જ્યો જ્યો ભાવ ॥ ૨૨ ॥**

**ભાવાર્થ :** ''સમી'' નામના ગામમાં મહાવીર પરમાત્મા તથા શામળા પાર્શ્વનાથ પરમાત્મા અને દાદાશ્રી શાન્તિનાથ પરમાત્માને ઘણા જ ઉલ્લાસ સાથે આ સંઘ ભેટ્યો. તથા ગામના સંઘ સાથે ઘણાં સ્તવનો ગાઈને ભક્તિની રમઝટ જમાવી. તથા વિહાર કરતાં કરતાં વચ્ચે વચ્ચે આવતા નાના નાના ગામોમાં પણ જે જે દહેરાસર હોય તે તે દેરાસરમાં માણસોનાં મન હરી લે તેવા સંગીત સાથે ઘણી ઘણી ભક્તિભાવના કરી. તે કાળે સર્વ જીવોને એમ લાગતું હતું કે ''આજે તો કલ્પવૃક્ષ ફળ્યું'' એટલો બધો સુરતનો સંઘ તથા સમી ગામનો સંઘ સાથે મળીને આનંદ વિભોર બન્યો હતો. એમ કરતાં કરતાં ભક્તિ ભાવના સાથે વિશાલ એવો સંઘ શ્રી શંખેશ્વર તીર્થધામમાં આવી પહોંચ્યો. સંઘના તમામ ભાઇ–બહેનો હૈયાના ઘણા જ ઉમંગ સાથે હસતા–કુદતા નાચતા ગાતા પરમાત્મા શ્રી પાર્શ્વનાથના મંદિરમાં આવ્યા અને શ્રી પાર્શ્વનાથ પરમાત્માને ભેટ્યા.

તે કાળે સર્વનાં હૈયાં હર્ષોલ્લાસથી એટલાં બધાં ગદ્ગદિત થયાં હતાં કે કોઈપણ શબ્દોથી વર્ણવી ન શકાય. તેવી ભક્તિભાવનામાં લયલીન થયાં. અર્થાત્ એકાકાર થયાં અને તેના દ્વારા ભવોભવના ભયોનાં દુઃખો દૂર કર્યાં. (દુઃખોને મરડીને દૂર ફેંક્યાં.) ત્યારબાદ વિવિધ પ્રકારની

અષ્ટપ્રકારી પૂજા કરી સ્નાત્રપૂજા પંચ-કલ્યાણક પૂજા ઇત્યાદિ પૂજાઓ ભણાવી અને ચારે તરફ જયજયકાર કરી દીધો. ॥ ૨૦-૨૧-૨૨ ॥

**સારાંશ** : ''સમી'' ગામ મોટું હતું. એટલે અને પરમાત્માની મૂર્તિ પણ મોટી હતી એટલે બધાંનાં મન તેમાં એકાકાર થયાં તેના કારણે થોડાક વધારે દિવસ સમીમાં રહ્યા. આ સંઘના ભાઈ-બહેનો સાથે ગામના ભાઈ-બહેનો પણ અતિશય હળી-મળી ગયા હતા. જેથી ઉલ્લાસ કોઈ અનેરો હતો, બન્ને સંઘો તન્મય થઈ ગયા હતા.

મહાવીર પરમાત્મા, શામળીયા પાર્શ્વનાથ પરમાત્મા, તથા શ્રી શાન્તિનાથ પરમાત્મા બધાંને ઘણા જ ગમી ગયા હતા. લોકો પરમાત્મા સામે એકી નજરે જોયા જ કરતા હતા. પ્રભુની સામે ગાયન ગાવાં, સ્તવનો બોલવાં, નાચ કરવા, રાસ રમવા, આ બધું જ સહજ જ થઈ ગયું હતું. ભક્તિરસની લયલીનતામાં ઘર-હાટ તો સાવ ભુલાઈ જ ગયાં હતાં અને મનમાં એવું લાગતું હતું કે આજે તો અમારે ત્યાં કલ્પવૃક્ષ ઉગ્યુ હોય તેમ જીવો રાજી-રાજી થતા જતા હતા.

આમ ભક્તિ-ભાવના કરતો કરતો આ સમસ્ત સંઘ ધીરે ધીરે સમી પસાર કરીને ''શંખેશ્વર'' મુકામે આવ્યો. પાર્શ્વનાથ પ્રભુને જોતાં જ જાણે ભવોભવનાં દુ:ખો દૂર જ રહ્યાં.

(દૂર જ ભાગી ગયાં.) ત્યાં પાર્શ્વનાથ પરમાત્માની વિવિધ પૂજાવિધિ કરીને સર્વ ભાઈ–બહેનો હર્ષાવેશમાં અત્યન્ત ગરકાવ થયાં. પરમાત્માની સામે ખુબ જ નાચ્યા. પોતાની સંસારી જવાબદારીઓ સર્વથા વિસસાઈ ગઈ. ॥ ૨૦ થી ૨૨ ॥

॥ ઢાળ પાંચમી ॥

**અનુક્રમે તિહાંથી ચાલીચા એ,**
**સાથે ગચ્છપતિ રાજે કે । સંવેગીતણા એ, ॥ ૨૩ ॥**

**સોઇગામે આવીચા એ,**
**ભેટ્યા ઋષભજિણંદ ઉચ્છાહ ધરી ઘણો એ, ॥ ૨૪ ॥**

**અંકરત્ન આરસતણા એ,**
**પ્રતિમા પ્રથમ જિણંદ અછેં મહિમા ઘણો એ ॥ ૨૫ ॥**

**ભાવાર્થ** : ''સમી'' અને ''શંખેશ્વર'' તીર્થની જાત્રા કરીને અનુક્રમે વિહાર કરતો કરતો આ સંઘ ત્યાંથી આગળ ચાલ્યો, આ સંઘમાં ગચ્છાધિપતિ જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રી સંઘની સાથે શોભતા હતા. વધારેમાં વધારે સંવેગ પરિણામવાળા આ મહાત્મા હતા. તેના કારણે આખો સંઘ પણ નિર્વેદ અને સંવેગના પરિણામથી રંગાયેલો થયો હતો. વિહાર કરતાં કરતાં આ સંઘ (રાધનપુર મોરવાડા થઈને) **સોઇગામ** નામના નગરમાં આવ્યો તે ગામમાં આવીને હૈયામાં ઘણો જ ઉત્સાહ ધારણ કરીને દાદાશ્રી પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવ પ્રભુને ભેટ્યા. પ્રભુના ગુણો ગાયા. પ્રથમ

જિનેશ્વર શ્રી ઋષભદેવની આ પ્રતિમાજી અંકરત્ન નામના આરસની બનાવેલી છે જેનો મહિમા આ કાલે પણ અતિશય ઘણો છે આવા શ્રી આદિનાથ પરમાત્માને સુરતથી આવેલા સંઘે અહોભાવપૂર્વક ચૈત્યવંદનાદિ કરવાપૂર્વક નમસ્કાર કરીને પરમાત્માને ખુબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ભેટ્યા. પરમાત્માના ગુણોની સ્તવના કરી. તથા ભક્તિરસ જમાવ્યો. ભક્તિ ભાવનાની ચારે બાજુ છોળો ઉછળી. ॥૨૩-૨૪-૨૫॥

**સારાંશ** : ''સમી'' અને ''શંખેશ્વર'' થઈને ધીરે ધીરે આ સંઘ રાધનપુર અને મોરવાડાના રસ્તે થઈને **સોઇગામ** નામના ગામના પાદરે આવ્યો અને ત્યાં પડાવ નાખ્યો. અને વાજતે-ગાજતે શ્રી ઋષભદેવ પ્રભુને ભેટવા ચાલ્યા. ઘણા જ બહુમાનના ભાવપૂર્વક શ્રી ઋષભદેવપ્રભુ નામના પ્રથમ જિનેશ્વરને મનના ભાવપૂર્વક અતિશય હર્ષાવેશ સાથે ભેટ્યા. જન્મ કૃતાર્થ કીધો. સમસ્ત શ્રીસંઘ પરમાત્માના ગુણગાનમાં લયલીન થઈ ગયો. ચૈત્યવંદનાદિ કાર્યમાં સમય કેટલો વીતી ગયો તેનું પણ ધ્યાન રહ્યું નહી. પ્રભુની ભક્તિમાં એકાગ્ર થઈ ગયો.

ઋષભદેવ પ્રભુની આ પ્રતિમા અંકરત્ન નામના પાષાણની બનાવેલી છે જે જરા પણ ઘસાતી નથી. વર્ષો સુધી તેવી ને તેવી જ રહે છે. જેમના ચમત્કારોનો મહિમા કોઈ અપરંપાર છે. જેનું વર્ણન પણ કરી ન શકાય તેવો તેનો મહિમા અતિશય અદ્‌ભૂત છે. ॥ ૨૩-૨૪-૨૫ ॥

**શેઠ ધનાવહ જાણીયે એ, બેણાતટિમાંહિ જેહ ।**
**થયો પહિલાં સુણ્યો એ, ॥ ૨૬ ॥**

**નાનો અભયકુમારનો એ, તિણે ભરાવ્યા બિંબ, ।**
**સવા કોડી માંઝની એ, ॥ ૨૭ ॥**

**તેમાંહિલા એ બિંબ છે, એ સંપ્રતિ પ્રગટ્યા તેહ ।**
**ભવિકજન પુન્યથી એ, ॥ ૨૮ ॥**

**ભાવાર્થ** : ''સુઇગામ''ની અત્યન્ત નજીક આવેલા બેણાતટ (બેણપ) નામના ગામમાં **ધનાવહ** નામના એક શેઠ પૂર્વકાલમાં ઘણા વર્ષો પૂર્વે થયા હતા. એવી વાત શાસ્ત્રો દ્વારા સાંભળવામાં આવી છે તે અભયકુમારના નાના (તેમની માતાના પિતા અર્થાત્ નાના) હતા. તે ધનાવહ શેઠે સવા કરોડ પ્રતિમાજી ભરાવ્યાં હતાં. આવી વાત શાસ્ત્રો દ્વારા જાણવા–સાંભળવા મળે છે. બેણપ ગામવાળાં આ પ્રતિમાજી તે સવા કરોડ પ્રતિમાજીમાંનાં છે જે આ કાળે ભવિક જીવોના પુણ્યબળથી પ્રગટ થયાં છે. આમ શાસ્ત્રો દ્વારા જાણવા મળે છે. ॥ ૨૬–૨૭–૨૮ ॥

**સારાંશ** : ''સુઇગામ'' થી અત્યન્ત નજીક બેણાતટ (અર્થાત્ બેણપ) નામનું એક ગામ આવેલું છે તે ગામના દેરાસરમાં જે પ્રતિમાજી બીરાજમાન છે. તે નીચે મુજબના ઇતિહાસથી પ્રસિદ્ધ છે.

ભૂતકાળમાં ધનાવહ નામના એક શેઠ થયા હતા કે જે અભયકુમારના નાના (અભયકુમારની માતાના પિતા) અર્થાત્ નાના થતા હતા. તે શેઠે પરમાત્માનાં સવા કરોડ પ્રતિમાજી બનાવરાવી દેરાસરોમાં સ્થાપન કર્યાનું શાસ્ત્રો દ્વારા જાણવા મળે છે. તે સવા કરોડ પ્રતિમાજીમાંનાં આ બેણપવાળા પ્રતિમાજી છે જે હાલ પ્રગટ થયેલાં પ્રતિમા છે અને બેણપનગરે સ્થાપિત કરાયાં છે. ખરેખર ભવ્ય જીવોના પુણ્યોદયથી જ આવાં પ્રતિમાજી પ્રગટ થયાનું આ કાર્ય બન્યું હોય એમ લાગે છે. આ પ્રમાણે વિચારતાં આ બેણપ તથા સુઇગામ એક પ્રકારનાં વિશિષ્ટ તીર્થો જ છે આમ જાણવું. જે ગામોનાં પ્રતિમાજી અતિશય પ્રાચીન છે અને વર્ષો પૂર્વે પ્રતિષ્ઠિત કરાયાં છે. તેથી તે તીર્થ કહેવાય છે. ॥ ૨૬–૨૭–૨૮ ॥

**તાસ ભક્તિ કીધી ઘણી એ ચંદ્રોદયકરી આદિ, ।**
**પૂજા પરિકરતણી એ, ॥ ૨૯ ॥**

**તાસ પાસે લઘુ ગામ છે એ ભરડુઆ નામેં જેહ ।**
**તિહાં પ્રતિમા હતી એ, ॥ ૩૦ ॥**

**પ્રગટ કરાવી તેહ ભલી એ, કીધી તસ બહુ ભક્તિ, ।**
**યથાશક્તિએ કરી એ, ॥ ૩૧ ॥**

**ભાવાર્થ :** બેણપ નામના ગામમાં આ સુરતના સંઘે તે પ્રતિમાજીની ઘણી ઘણી ભક્તિ કરી. તથા ચંદ્રોદયને કરનારી (ચંદ્રની જેમ ગામનો ઉદય કરનારી) એવી શ્રેષ્ઠ પૂજા પણ પરિકરની ભણાવી અથવા પરિકરની પણ પૂજા કરી. તથા

તે બન્ને ગામોની પાસે (લઘુ એટલે) નાનું એવું એક ‘‘ભરડવા’’ નામનું ગામ છે. ત્યાં એક પ્રતિમાજી (દટાયેલી) હતી. તે પ્રતિમાજીને આ સંઘમાં પધારેલા મહાત્માએ ખોદાવીને પ્રગટ કરાવી. ત્યારબાદ તે ભૂમિમાંથી નીકળેલી પ્રતિમાજીની ઘણી ઘણી ભક્તિ કરી ગાન-તાન કર્યાં. યથાશક્તિ આ સંઘે પૂર્ણપણે ભક્તિ કરવાનો લાભ લીધો આ પ્રમાણે ત્યાં જૈનશાસનનો જય જયનાદ ગાયો. ॥ ૨૯-૩૦-૩૧ ॥

**સારાંશ :** સુરતથી આવેલા આ સંઘે બેણપમાં પ્રતિષ્ઠા કરાયેલી આ પ્રતિમાજીની ઘણી ઘણી પૂજા અને ભાવના કરી ચંદ્રમાનો જેમ ઉદય થાય છે તેમ શાસનનો ઉદય કરનારી એવી પૂજાઓ ભણાવી ભાવના ભાવી અને શાસનનો ઉદ્યોત થાય તેવાં કાર્યો બેણપમાં કર્યાં.

તે બેણપની પાસે નાનું એવું ભરડવા નામનું એક ગામ છે ત્યાં એક પ્રતિમાજી ભૂમિમાં દટાયેલાં હતાં. આ સંઘમાં પધારેલા જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીએ આ પ્રતિમા પ્રગટ કરાવી, તેમની સૂચના મુજબ ભૂમિ ખોદતાં આ પ્રતિમાજી પ્રગટ થયાં.

ત્યારબાદ પ્રગટ થયેલાં તે પ્રતિમાજીની ઘણી ઘણી ભક્તિ ભાવના કરી સમસ્ત શ્રી સંઘ આનંદમાં ગરકાવ થઈ ગયો. પોતાના જન્મને સફળ કર્યાનો ઘણો જ આનંદ સંઘમાં તે કાળે વર્તતો હતો. ॥ ૨૯-૩૦-૩૧ ॥

**ખંભાયત બંદરતણો એ સંઘ સાથે કરી યાત્ર**
**પાસ ગોડી તણી એ, ॥ ૩૨ ॥**

**વિષમ વાટ રણભૂમિકા એ ઉલ્લંઘી અતિ છેક ।**
**પણિ કરી યાત્રા એ, ॥ ૩૩ ॥**

**અનુક્રમે વલીને આવીઆ એ, સુઇગામ મઝારિ,**
**પ્રથમ જિન વંદીયા એ ॥ ૩૪ ॥**

**ભાવાર્થ :** જ્યારે સુરતથી નીકળેલો આ સંઘ સુઇગામ બેણપ અને ભરડવા આવ્યો ત્યારે ખંભાત શહેરથી પણ એક સંઘ આ દેશમાં આવેલો આ બન્ને સંઘે સાથે મળીને આ દેશના જૈન મન્દિરોની યાત્રા સાથે કરી અને ત્યાંથી આગળ વિહાર કરી ગોડી પાર્શ્વનાથની યાત્રા પણ સાથે જ કરી. સુઇગામથી ગોડી પાર્શ્વનાથ જવા માટે આ બન્ને સંઘે સાથે પ્રયાણ ચાલું કર્યું.

રસ્તાની વાટ ઘણી વિષમ હતી. ધૂળીયો દેશ, ઘણી જ ધૂળ ઉડે. પગ પણ ઘણા જ ધૂળમાં ભરાઈ જાય. રણ હોવાથી ક્યાંય ઝાડી મળે જ નહીં. માટીમાં પણ ખાર હતો. ખારવાળી માટી હોવાથી અને લોકોની અવર-જવર મંદ હોવાથી ગાડા રસ્તા પણ બરાબર સારા ન હતા. આવી વિષમ વાટવાળી આ રણભૂમિ પસાર કરીને ગોડી નામના ગામમાં આ સંઘ આવી પહોંચ્યો. ત્યાં ઘણા જ ભાવપૂર્વક પરમાત્માની ભક્તિ ભાવના કરીને થોડોક સમય સ્થિરતા

કરીને આવી વિષમ વાટ હોવા છતાં પણ ગોડી પાર્શ્વનાથ પ્રભુની યાત્રા અતિશય ઉલ્લાસપૂર્વક કરીને પાછો આ સંઘ "શ્રી સુઇગામનગરે" આવ્યો ત્યાં આવીને પ્રથમ જિનેશ્વર શ્રી ઋષભદેવની ભક્તિભાવપૂર્વક વંદના કરી. ચૈત્યવંદનાદિ કાર્યો કર્યા. ॥ ૩૨-૩૩-૩૪ ॥

**સારાંશ** : આ સંઘ સુઇગામ – બેણપ અને ભરડવા તીર્થોની યાત્રા કરીને વિહાર કરીને રણની ભૂમિ પસાર કરી ગોડી ગામમાં ગયો. ત્યાં બીરાજમાન ગોડી પાર્શ્વનાથ પરમાત્માને ભેટ્યો. ભક્તિભાવના કરી ત્યાંથી આ જ રણની ભૂમિ ઓળંગીને પાછો "સુઇગામ" આવ્યો. વિષમ વાટ હોવા છતાં તેને પસાર કર્યાનો અને ગોડી પાર્શ્વનાથને ભેટ્યાનો બધાને ઘણો જ આનંદ-આનંદ વર્તતો હતો. ॥ ૩૨-૩૩-૩૪ ॥

**તિહાંથી આઘા સંચર્યા, એ સંઘને કરી મનોહારિ, ।**
**સંપ્રતિ નૃપતિએ રચ્યું એ ॥ ૩૫ ॥**

**તિહાંથી થરાદે આવીયા એ, સંઘને કરી મનોહારિ,**
**મનોરથ પૂરિયા એ, ॥ ૩૬ ॥**

**પ્રગટ કરાવી વીરને એ લીધો બહુલો લાભ, ।**
**સર્વે આણંદિયા એ, ॥ ૩૭ ॥**

**ભાવાર્થ** : ગોડી પાર્શ્વનાથની યાત્રા કરીને પાછા "સુઇગામ" આવ્યા બાદ સંપ્રતિ મહારાજાની બનાવેલી

પ્રતિમાવાળા અને મનોહર જૈનમન્દિર વાળા થરાદ નામના ગામમાં આ સંઘ આવ્યો ત્યાં આવ્યા પછી અતિશય ભક્તિભાવપૂર્વક મનોહર પૂજાઓ ભણાવી જાત્રા કરીને ત્યાંના સ્થાનિક સંઘના મનોરથો પૂર્ણ કર્યા.

ત્યાં થરાદમાં રહેનારા સ્થાનિક સંઘના ભાઈ-બહેનો આ આવેલા સંઘની ભક્તિ-ભાવના જોઈને આનંદમાં ગરકાવ થઈ ગયા. તે થરાદ સંઘના પણ મનોરથો આજે જાણે પુરા થયા હોય તેમ ગામ વાસીઓ ભક્તિ-ભાવનામાં જોડાઈ ગયા અને પરમાત્માની સામે ઘણાં ભક્તિભાવવાળાં નૃત્યો કર્યાં તે કાળે આખું થરાદ ગામ હર્ષના હિલોળે ચડ્યું હતું. સર્વત્ર ઢોલ-નગારાં, ગાજાં-વાજાં વાગતાં હતાં. લોકો નાચતા હતા આખુ ગામ શણગારવામાં આવ્યું હતું. જાણે કે સ્વર્ગલોકમાંથી આખો દેવલોક ઉતાર્યો હોય તેવી શોભા આ થરાદ શહેરની કરવામાં આવી હતી. સુરતથી આવેલા આ સંઘના પ્રતિસાદમાં આખુંય ગામ સુશોભિત કરવામાં આવ્યું હતું તથા હર્ષ અને આનંદના હિલોળે ચડ્યું હતું. સર્વસ્થાનોમાં ધજા-પતાકા અને તોરણોથી શોભા કરવામાં આવી હતી. ॥ ૩૫-૩૬-૩૭ ॥

**સારાંશ** : ''સુઇગામ''થી આ સુરતનો સંઘ ધીરે ધીરે વિહાર કરીને થરાદ આવ્યો. ત્યાં બીરાજમાન શ્રી મહાવીર પરમાત્માની સેવા-પૂજા અને ભક્તિ-ભાવના કરવામાં લયલીન થઈ ગયો. સુરતથી નીકળેલો આ સંઘ ગોડી

પાર્શ્વનાથ જઈને પાછા આવતાં સુઇગામ થઈને જ્યારે થરાદ આવ્યો ત્યારે આ સંઘની થરાદના સંઘે ઘણી ઘણી ભક્તિ કરી. થરાદ ગામ આખુંય શણગાર્યું. ભક્તિભાવનામાં તથા ગાન-તાન અને નાચવામાં થરાદનો સંઘ પણ આ સંઘની સાથે એકમેક થઈ ગયો જાણે સ્વર્ગલોકથી દેવ-દેવીઓ ઉતરી આવ્યાં હોય તેવી શરીર શોભા કરવાપૂર્વક સુંદર ભક્તિ કરી અને સર્વત્ર આનંદ-આનંદ પ્રસરી રહ્યો. લાલ ગુલાલ છાંટવામાં આવ્યાં. સમસ્ત એવા શ્રી બન્ને સંઘો ઘણા જ આનંદવિભોર થયા. ધજા-તોરણો અને પુષ્પમાળાઓથી આખુંય થરાદ ગામ સુશોભિત કરવામાં આવ્યું. ॥ ૩૫-૩૬-૩૭ ॥

**તિહાંથી સાચોર આવીયા એ, પધરાવ્યા શ્રી વીર, ।**
**પ્રાસાદમાં ઉછવેં એ, ॥ ૩૮ ॥**

**ચાર પ્રાસાદ શ્રી વીરના એ, દેહરાસરિ વળી એક ।**
**ભાવેસ્યું ભેટીયા એ, ॥ ૩૯ ॥**

**તિહાંથી પુનાસે આવીઆ એ, નિરખી શાન્તિ પ્રાસાદ ।**
**આનંદયા અતિઘણું એ, ॥ ૪૦ ॥**

**ભાવાર્થ** : ''થરાદ''ની યાત્રા કર્યા પછી સુરતનો આ સંઘ ધીરે ધીરે વિહાર કરીને ''સાચોર'' નામના નગરમાં પધાર્યો, ત્યાં શ્રી મહાવીર પરમાત્માના મંદિરમાં ઉત્સવ કર્યો જે સાચોર ગામમાં ચાર પ્રાસાદવાળું મોટું એક દેરાસર છે.

ત્યાં પરમાત્માને સમસ્ત સંઘ ભેટ્યો. પરમાત્માની ભક્તિ કરીને હર્ષના આંસુઓથી આ સંઘ છલગાઈ ગયો. ત્યાંથી એટલે કે સાચોરથી પુનાસે નામના ગામમાં આ સુરતનો સંઘ આવ્યો. ત્યાં બીરાજમાન શ્રી શાન્તિનાથજીના ભવ્યપ્રાસાદમાં બીરાજમાન પરમાત્માને વંદના કરીને ઘણો જ ઘણો આ સંઘ આનંદ પામ્યો. પોતાના જીવનને ધન્ય ધન્ય માનવા લાગ્યો. ॥ ૩૮–૩૯–૪૦ ॥

**સારાંશ** : સુરતથી યાત્રા અર્થે નીકળેલો અને પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રાવાળો આ સંઘ થરાદ આવ્યા પછી મહાવીર પરમાત્માના મંદિરમાં ઘણો જ ભક્તિભાવ કરીને થરાદના સંઘની સાથે હર્ષઘેલો થઈને પરમાત્માની સામે ઘણો નાચ્યો–દાંડીયા રાસ રમ્યો. ત્યાંથી સાચોર આવીને ચાર પ્રાસાદવાળા મહાવીર પરમાત્માના દેરાસરમાં પૂજા–પ્રભાવના કરીને ભક્તિ ભાવના સાથે ઘણો જ આનંદ માણીને ત્યાંથી વિહાર કરીને પુનાસે નામના ગામમાં આવ્યો જ્યાં શાન્તિનાથ પરમાત્માનું ઉંચું ઉંચું ભવ્ય જૈનમન્દિર છે. ત્યાં ભક્તિભાવપૂર્વક પરમાત્માને ભેટ્યો. ॥ ૩૮–૩૯–૪૦ ॥

## ॥ ઢાળ છટ્ઠી ॥

**તિહાંથી ભિનમાલે આવીયા એ, ભેટ્યા શ્રી પાસ, ।**
**ચ્યાર પ્રાસાદ તણા સુબિંબ, નિરખ્યા ઉલ્લાસ, ॥**

**ધાણસા મોદરા ગામમેં પ્રાસાદ જુહારી,**
**જાગિરે આવ્યા વહી સુખથી નરનારી ॥**

**સોવનગિરિ તિહાં નિરખીયો, એ જે પહિલાં જિન ઠામ.**
**વિવિધ દેહરાસર વંદિયા, નિરમાલડી એ,**
**પ્રણમ્યા તે અભિરામ, મન હરિ એ ॥ ૪૧ ॥**

**ભાવાર્થ** : સાચોર તીર્થની યાત્રા કરીને વચ્ચે પુનાસે નામના ગામમાં દર્શન વંદન કરીને અનુક્રમે ભીનમાલ નામના ગામમાં સુરતથી નીકળેલો આ શ્રી સંઘ આવી પહોંચ્યો. ભીનમાલમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માને આ સંઘ ભેટ્યો સુંદર અને અતિશય ઘણાં ઉંચાં એવાં ચાર મોટાં જૈનમન્દિરો જ્યાં શોભે છે તે ચારે જૈનમન્દિરોમાં બીરાજમાન વીતરાગ પરમાત્માની પ્રતિમાજીનાં દર્શન-વંદન-પૂજન કર્યાં, તે ભીનમાલથી આગળ વધેલો આ શ્રીસંઘ ધાણસા અને મોદરા નામના ગામમાં આવીને ત્યાં બીરાજમાન શ્રી વીતરાગ પરમાત્માના દર્શન-વંદન-પૂજન કરીને જાગિર નામના ગામમાં આ સંઘનાં નર-નારી સુખે સુખે આવી પહોંચ્યા. આ ગામમાં સુવર્ણગિરિ નામના પર્વત ઉપર બીરાજમાન શ્રી પ્રથમ જિનેશ્વર પ્રભુનાં દર્શન-વંદન કરીને જુદાં જુદાં દેરાસરોનાં દર્શન કરીને અતિશય મનોહર એવાં પરમાત્માના બિંબોને (પ્રતિમાજીને) વંદના કરી. પોતાના જીવનની ધન્યતાનો આ સંઘના ભાઈ-બહેનોએ અનુભવ કર્યો. ॥૪૧॥

**સારાંશ** : સાચોર તીર્થની યાત્રા કર્યા પછી આ સંઘ ભીનમાલ પહોંચ્યો, ભીનમાલમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્માનાં દર્શન-વંદન-પૂજન કરીને બીજાં ચાર દેરાસરોમાં બીરાજમાન પરમાત્માનાં દર્શન-વંદન કરીને આ સંઘ ધાણસા અને મોદરા નામના ગામોમાં જે દેરાસરો છે તેમાં બીરાજમાન વીતરાગ પરમાત્માનાં પ્રતિમાજી છે. તેનાં દર્શન કરીને જાગિર નામના ગામમાં આવ્યા. ત્યાં સુવર્ણગિરિ નામના પર્વત ઉપર પ્રથમ જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરીને ઘણાં દેરાસરોમાં બીરાજમાન એવા મનોહર પ્રતિમાજીરૂપે રહેલા પરમાત્માનાં દર્શન-વંદન કરીને પ્રતિમાજીને વાંદ્યા. આ દર્શન કરતાં કરતાં હર્ષાવેશમાં આવેલો આ સંઘ પોતાના જીવનને ધન્ય ધન્ય માનવા લાગ્યો. ॥ ૪૧ ॥

**તિહાંથી આઘા સંચરી, માદલપુર આવ્યા,**
**અગર વગરી નેં બેરૂગામ વલાણ દુઝાણા,**
**સાંડેરે પ્રાસાદ એક ખીમેલી વીઝેવો,**
**ઇહાં એક એક પ્રાસાદ, વંદિ મન હર્ષ ધરેવો,**
**વરકાણે શ્રી પાસજી, એ નાડોલ ત્રિણ્ય પ્રાસાદ,**
**નડુલાઈ પ્રાસાદ નવ, નિરખ્યા થયો નમીઇ આલ્હાદ. ॥૪૨॥**

**ભાવાર્થ** : તે સુવર્ણગિરિ તીર્થનાં દર્શન કર્યા પછી ત્યાંથી આઘા સંચર્યા એટલે કે વિહાર કરીને દૂર ગયા, ત્યાં માદલપુર નામના ગામમાં આ સંઘ આવ્યો. ત્યાં અગર વગરી અને બેરૂ નામનાં નાનાં નાનાં ગામો આવ્યાં જ્યાં

પ્રભાતનો સમય હોવાથી ઘરે ઘરે દહીંનાં વલોણાં વલોવાતાં હતાં અને ઘરે ઘરે દૂધ આપે એવાં દૂધીયાં પશુઓ (ગાય-ભેંસ વિગેરે) હતાં. ત્યાંથી આગળ જતાં સાંડીયા નામના ગામમાં એક જૈન મંદિર હતું. તેમાં બીરાજમાન પ્રભુની પ્રતિમાજીનાં દર્શન કર્યાં. તથા ખીમેલી અને વીઝેવો નામના ગામોમાં એક એક જૈન મંદિર હતું. તેમાં વંદન કરતાં કરતાં મનમાં ઘણો ઘણો હર્ષ ઘેલો આ સંઘ થયો.

ત્યાંથી વરકાણા તીર્થમાં આવીને શ્રી પાર્શ્વનાથ પરમાત્માને ભેટ્યાં. ત્યારબાદ નાડોલ નામના તીર્થમાં ત્રણ જૈન દેરાસરોનાં દર્શન કર્યાં. ત્યાંથી નાડલાઈ નામના ગામમાં નવ દેરાસરોનાં દર્શન કર્યાં અને સુરતથી આવેલા આ સંઘને સર્વ સ્થાનોમાં ઘણો ઘણો આનંદ થયો. આહલાદ પ્રગટ્યો. પરમાત્માની ભક્તિ કરવાના ભાવોમાં આ સંઘ રંગાઈ ગયો. પોતાના જીવનની ધન્યતાનો અનુભવ કરતો હતો. ॥ ૪૨ ॥

**સારાંશ** : સુરતથી (૧૭૫૫માં) નીકળેલો આ સંઘ માદલપુર, અગર-બગરી અને બેરૂ ગામના જૈનમંદિરોમાં બીરાજમાન વીતરાગ પરમાત્માનાં દર્શન કરીને સાંડેરાવ નામના ગામમાં આ સંઘ આવ્યો ત્યાંથી ખીમેલી અને વીઝેવા નામના ગામોમાં દર્શન-વંદન કરીને આ સંઘ ઘણો હર્ષ પામ્યો. ત્યાંથી વરકાણા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરીને નાડોલ તીર્થમાં આ સંઘ આવ્યો. ત્યાં પરમાત્માનાં દર્શન

આદિ કરીને નાડલાઈ નામના તીર્થમાં આવી નવ જૈનમંદિરોનાં દર્શન કર્યાં ત્યાં પરમાત્માની ભક્તિ-નમસ્કાર કરતાં અપૂર્વ આનંદ પ્રગટ્યો. આ સંઘ પોતાના જીવનને ધન્ય ધન્ય માનવા લાગ્યો. ॥ ૪૨ ॥

**દેસૂરીઈં પ્રાસાદ એક ઘાણારા ગામેં,**
**પારસનાથ ને વીરચૈત્ય ઘણો રે ઠામેં,**
**સાદડી પાસ પ્રાસાદ એક આણંધા નિરખી,**
**રાણકપૂરે શ્રી ધરણવિહાર ચઉમુખ અતિ હરખી,**
**એ સરિખી નહી માંડણી એ મહિયલમાંહી ઉદાર,**
**ત્રિભુવન તિલક સોહામણું, નિરખી પ્રથમ જિણંદ વિહાર ॥૪૩॥**

**ભાવાર્થ** : ધાણેરાવ નામના ગામમાં દેવલોકના દેવમંદિર જેવું સુંદર એક પ્રાસાદ (એક દેરાસર) છે જેમાં પાર્શ્વનાથ પરમાત્મા બીરાજે છે તે સિવાય લતાએ લતાએ શેરીએ શેરીએ વીર પરમાત્માના ચૈત્યો ઘણાં છે. ત્યાંથી આ સંઘ સાદડી નામના ગામમાં આવ્યો ત્યાં બીરાજમાન શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું મોટું એક દેરાસર છે ત્યાં પરમાત્માને જોઈને ઘણો આણંદ આ સંઘે પ્રાપ્ત કર્યો, ત્યાંથી રાણકપુર નામના તીર્થમાં આ સંઘે પ્રવેશ કર્યો, ત્યાં ચૌમુખી પ્રતિમાજીને નિહાળીને આ સંઘ ઘણો જ હર્ષ પામ્યો. આ રાણકપુર જેવી દેરાસરની બાંધણી આખા પૃથ્વીતલ ઉપર બીજે ક્યાંય નથી. ત્રણે ભુવનમાં તિલક સમાન શોભાયમાન એવા પ્રથમ જિનેશ્વર

પરમાત્માને જોઈ જોઈને ઘણો જ આનંદ સર્વે જીવો પામ્યા. પરમાત્માની ભક્તિભાવનામાં સકળ શ્રી સંઘ ઘણા જ ઉલ્લાસ સાથે જોડાયો. ભક્તિ ભાવનામાં એકાગ્ર બની ગયો. ॥ ૪૩॥

**સારાંશ** : સુરતથી નીકળેલો આ સંઘ યાત્રા કરતો કરતો વરકાણા પાર્શ્વનાથ પ્રભુ, નાડોલ, નાડલાઈ તીર્થોની યાત્રા કરીને ઘાણેરાવ નામના ગામમાં આવ્યો. ત્યાં દેવલોકના દેવમંદિર તુલ્ય જૈનમંદિરમાં બીરાજેલા શ્રી પાર્શ્વનાથ પરમાત્માનાં ભક્તિભાવપૂર્વક દર્શન વંદન કરીને ગામમાં બીજા દેરાસરો છે. તેમાં બીરાજમાન શ્રી મહાવીર પરમાત્માને નમસ્કાર કરીને આ સુરતનો સંઘ અનુક્રમે રાણકપુર તીર્થમાં આવ્યો. ત્યાં ચારે બાજુ મુખવાળી ચારે પ્રતિમાજીનાં દર્શન કર્યાં. જે દેરાસરની બાંધણી ત્રણે ભુવનમાં તિલક સમાન છે. અને અતિશય શોભે છે તેમાં બીરાજમાન શ્રી ઋષભદેવ પરમાત્માનાં દર્શન-વંદન-પૂજન કર્યાં. અને સકલ સંઘ આનંદ વિભોર બન્યો. પરમાત્માને જોઈ જોઈને લોકો નાચવા લાગ્યા. હર્ષઘેલા થયા. સંસારિક બધી આધિ- વ્યાધિ અને ઉપાધિઓ વિસ્મૃત થઈ ગઈ. ॥ ૪૩ ॥

**મંડપ મોટા થંભ તુંગ કોરણી અનેક,**
**સહસ્રકુટ નેં પંચમેરૂ તીર્થ સુવિવેક,**
**ભૂમિઘરમાં જૈનબિંબ પ્રણમી આનંદ,**
**મંગલચૈત્ય નેં દેહરી સવિ ઠામે વંદુ,**

**ચ્યાર પ્રાસાદ બીજાં વલી એ એવં મિલીને પંચ,**
**પંચમ ગતિને પામવા, નિરખ્યો એહ જ સકલ પ્રપંચ, ॥૪૪॥**

**ભાવાર્થ** : રાણકપુર નામના આ મહાતીર્થના દેરાસરમાં મોટા મોટા ઉંચા ઉંચા ઘણા થાંભલા છે તથા તેના ઉપર સુંદર કોતરણી છે. તથા દેરાસરની પરિધિમાં સહસ્રકુટ અને પાંચ મેરૂ પર્વતનાં તીર્થો બહુ જ વિવેકપૂર્વક બનાવેલાં છે. ભોંયરામાં પણ ઘણાં જિનેશ્વર દેવનાં પ્રતિબિંબો છે તે સર્વને તે તે સ્થાને વંદના કરી તથા મુખ્ય આ દેરાસર ઉપરાન્ત બીજાં પણ નાનાં-મોટાં ચાર દેરાસરો છે તે ચાર નવા મુખ્ય ચૌમુખજીનું આ દેરાસર એમ કુલ પાંચ જિનાલયોને એવા ભાવપૂર્વક વંદના કરી કે જેનાથી પાંચમી ગતિ (મોક્ષગતિ)ની પ્રાપ્તિ થાય અને આ સંસારનો બધો જ ભાર દૂર થઈ જાય. સંસારનો થાક પણ દૂર થઈ જાય. ॥૪૪॥

**સારાંશ** : ''રાણકપુર'' નામનું આ તીર્થ મારવાડમાં સાદડી ગામની પાસે આવ્યું. એટલે સુરતથી નીકળેલો આ સંઘ સાદડીની જાત્રા કરીને રાણકપુર તીર્થમાં જઈ પહોંચ્યો. ત્યાં મોટો રંગમંડપ છે. તેમાં ઉંચા ઉંચા પત્થરના ઘણા થાંભલા છે તેની એવી ગોઠવણી છે કે કોઈ ગણી ન શકે ગમે તે રીતે ગણે તો પણ ભુલ જ પડે, કોક થાંભલો ગણવો રહી જ જાય.

તથા વળી આ થાંભલાઓમાં ઝીણી ઝીણી કોતરણી પણ ઘણી છે. તે કોતરણી આજે ભારતભરમાં વખણાય છે તથા વળી સહસ્રકુટ અને મેરૂપર્વત પણ તીર્થરૂપે ત્યાં બનાવેલા છે જ, તથા ભોંયરામાં પણ ઘણાં ઘણાં વીતરાગ પરમાત્માનાં દેરાસરો બનાવેલાં છે આ સર્વ દેરાસરોમાં બીરાજમાન વીતરાગ પરમાત્માને નમસ્કાર કર્યાં. તથા આ વિવક્ષિત મોટા દેરાસરની બહાર બીજાં પણ ચાર દેરાસરો છે એમ કુલ ૧ – ૪ – પાંચ દેરાસરોમાં બીરાજમાન સર્વ વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને છેલ્લે છેલ્લે પાંચમા દેરાસરમાં પ્રતિષ્ઠિત કરાયેલા ધાતુના બિંબોને વંદન કરીને જાણે પાંચમી ગતિ જ પ્રાપ્ત કરવાની હોય શું ? એવા ભાવપૂર્વક નમસ્કાર કરીને આ સકલ સંઘે સાથે મળીને આ તીર્થની વિશિષ્ટ ભાવપૂર્વક તીર્થ યાત્રા કરી. ||૪૪||

**માદે મુડાડેં રાજપુરિ એચલીઓ પાસ,**
**બોઇઉં નેં પાલ્હડીઉં પ્રાસાદ વિચિત્ર,**
**વાઘસણિ દોઇં પ્રાસાદ છે, એ પાલ્હડી કોલ્લર ઠામ,**
**તિહાં પ્રાસાદને વંદિયા,**
**નિરખ્યા હરખ્યા મન અભિરામ, || ૪૫ ||**

**ભાવાર્થ** : રાણકપુર તીર્થની ભાગોળમાં આગળ ઉપર રાજપુરી નામના નાના તીર્થમાં એચલીયા પાર્શ્વનાથ પરમાત્મા બીરાજે છે. તેની આગળ–પાછળ બોઇઉં અને પાલ્હડી નામના બે વિચિત્ર પ્રાસાદ શોભી રહ્યા છે. આ બન્ને પ્રસાદો

વાઘના બેસવાના ઘાટે બનાવેલા છે ત્યાં પાલ્હડી (પાલડી) નામના તીર્થની પાસે કોલ્લર નામનું તીર્થસ્થાન છે ત્યાં જૈનપ્રાસાદમાં બીરાજમાન પરમાત્માને વંદના કરીને મનમાં ઘણી ઘણી ખુશી ઉપજી જેથી આ સંઘના બધા જ ભાઈઓ અને બહેનો ઘણાં જ હરખાયાં તથા હર્ષાવેશમાં આવ્યા. ॥ ૪૫ ॥

**સારાંશ** : રાણકપુરની તીર્થયાત્રા કર્યા પછી આ સંઘ આ તીર્થની માદરે રહેલા (નજીકમાં જ રહેલા) રાજપુર નામના તીર્થમાં બીરાજમાન શ્રી એચલીયા પાર્શ્વનાથ પ્રભુની જાત્રા કરીને બોઇઉં અને પાલ્હડી નામના બે વિશાલ પ્રાસાદ ત્યાં શોભી રહ્યા છે. ત્યાં આ સંઘ આવ્યો. આ પ્રાસાદો વાઘના બેસવાના આકારે બનાવેલા છે તેમાંના પાલ્હડી નામના પ્રાસાદની નજીક કોલ્લર નામનું સુંદર તીર્થસ્થાન છે ત્યાં જે જૈન પ્રાસાદ છે તેમાં બીરાજમાન તીર્થંકર પરમાત્માની જે જે પ્રતિમાજીઓ છે તે સર્વને ઘણા જ ભાવપૂર્વક મન ખુશખુશાલ થાય તે રીતે હર્ષપૂર્વક પ્રતિમાજીને ભેટ્યા દર્શન-વંદન-પૂજન કરીને માનવભવનો લ્હાવો લીધો. માનવ જીવનને સફળ બનાવ્યો. ॥ ૪૫ ॥

**એચલીયાથી અવર પંથ સેવાડી ગામ, ।**
**બીજાપુર વીસલપુર, રાતા દેવ ઠામ, ॥**
**નાણેં બેહડેં કોરટઈ જીવિતસ્વામી વીર, ।**
**નાંદઈં લોટાણે વલી સેત્તુજની ભીર ॥**

**અઝાહરી વીરવાડિમાં, એ બંભણવાડિ વીર ॥**
**ધાણા વીર નમી લહો, નિરખી ભવિજન ભવજલતીર ॥૪૬॥**

**ભાવાર્થ** : એચલીયા તીર્થથી વિહાર કરી પશ્ચિમ દિશાના માર્ગ ઉપર સેવાડી નામનું ગામ છે ત્યાં નજીકમાં બીજાપુર તથા વીસલપુર અને રાતા મહાવીર પ્રભુનાં તીર્થ સ્થાનો છે તે બધાં તીર્થોનાં દર્શન વંદન કરતો કરતો આ સુરતનો સંઘ "નાણાબેંડા" નામના ગામમાંથી પસાર થઈને કોરટાજી નામના તીર્થમાં આવ્યો, ત્યાં જીવિતસ્વામી એવા શ્રી વીરપ્રભુને વાંદીને નાંદીયા ગામમાં, તથા લોહાણા ગામમાં નાનો શત્રુંજય પર્વત છે. તેની યાત્રા કરીને અણાદરા નામના ગામમાં વીરવાટિકામાં તથા બ્રાહ્મણવાડામાં આ સંઘ જાત્રાર્થે આ રીતે ફર્યો, ત્યાં સ્થાપિત કરાયેલા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને ભવ્યજીવો સંસારરૂપી સમુદ્રને તરીને પેલે પાર જવાની તૈયારી કરનારા બન્યા. ભવપાર ઉતરવાની ઉતાવળવાળા બન્યા. ॥ ૪૬ ॥

**સારાંશ** : સુરતથી નીકળેલો આ સંઘ ગુજરાત પછી મારવાડનાં તીર્થોની યાત્રા કરતો કરતો રાણકપુરથી આગળ એચલીયા પાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરીને પશ્ચિમ દિશાના માર્ગ ઉપર આવેલા સેવાડી નામના ગામમાં આ સંઘ આવ્યો. ત્યાંની જાત્રા કરીને બીજાપુર – વીસલપુર તથા રાતા મહાવીરદેવ ઇત્યાદિ તીર્થોની યાત્રા કરતો કરતો આ સંઘ "નાણાંબેડા" નામના ગામમાં આવીને કોરટાજીમાં બીરાજમાન

જીવિત એવા શ્રી વીરસ્વામીની જાત્રા કરીને નાંદીયા નામના ગામમાં દર્શન - વંદન કરીને પાસે જ આવેલા લોહાણા નામના તીર્થસ્થાનમાં અને કોરટાજી નામના તીર્થસ્થાનમાં દર્શન-વંદન કરીને ત્યાં નાનો શત્રુંજય પર્વત છે તેની યાત્રા કરીને અણાદરા ગામમાં આવીને વીરવાટિકામાં, સબ્રાહ્મણવાડામાં જાત્રા કરતો કરતો આ સંઘ આગળ વધે છે. ગામેગામ જૈન શાસનની બહુ જ પ્રભાવના કરતો કરતો આ સંઘ આગળ જાય છે.

ત્યાં વચ્ચે સ્થાપિત કરાયેલા જીવિત મહાવીરસ્વામિનાં દર્શન-વંદન અને નમસ્કાર કરીને સંસારરૂપી સમુદ્રની પેલે પાર જવાની તૈયારીમાં આ સંઘના સર્વજીવો એકાગ્ર બન્યા. ધર્મમય પરિણામથી લીલાછમ બન્યા. આત્માના પરિણામ ઉત્તમ ભાવનાઓથી ઘણા જ વાસિત બન્યા. ॥૪૬॥

## ॥ ઢાળ સાતમી ॥

**સિરોહી દેશેં જૈનવિહાર, તે કહેતાં નવિ આવેં પાર, ।**
**ગામગામ ગિરિ વિષમેં ઠામ દેહરા દીસેં અતિ ઉદ્દામ ॥૪૭॥**
**ભાવથકી તે સવિ વંદિયા, પણિ દ્રવ્યે કેતાએક થયા,**
**ઇમ સિરોહી નગરેં આવીયા,**
**જનમ કૃતારથ પણઉં ભાવિયા ॥૪૮॥**

**ભાવાર્થ** : શીરોહી નામના ગામમાં જૈન ઉપાશ્રયો સારી સંખ્યામાં છે. જેનો કહેતાં પાર ન આવે તેમ છે. તથા

શીરોહી સ્ટેટના ગામે ગામમાં પર્વતના કારણે ઊંચા-નીચા સ્થાનોમાં અતિશય શોભાયમાન એવાં દેરાસરો ત્યાં દેખાય છે. હૈયાના ભાવથી બધા જ દેરાસરોમાં બીરાજમાન શ્રી પરમાત્માને વંદના કરી, પરંતુ દ્રવ્યથી (સમય થોડો હોવાના કારણે) કેટલાક જ જૈનમન્દિરોનાં દર્શન કર્યાં આ પ્રમાણે તીર્થયાત્રા અને દર્શન વંદન-પૂજન કરવા વડે શિરોહીનગરમાં આવ્યાનું સફળપણું અને માનવજન્મનું સફળપણું કરવાથી કૃતાર્થપણું મનમાં વિચાર્યું. ॥૪૭-૪૮॥

**સારાંશ** : બ્રાહ્મણવાડા વિગેરે ઉપરનાં તીર્થોની યાત્રા કરીને આ સુરતથી નીકળેલો સંઘ તીર્થોનાં દર્શન કરતો કરતો શીરોહી સ્ટેટમાં આવેલા શીરોહી શહેરમાં આવ્યો. ત્યાં સાધુ-સાધ્વીજીને ઉતરવાના ઉપાશ્રયો ઘણા છે અને સારા છે કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી.

આ બાજુનો બધો ભાગ પર્વતની ભેખડોવાળો હોવાથી એક ગામથી બીજુ ગામ, અને બીજા ગામથી ત્રીજું ગામ ઊંચી નીચી ભૂમિવાળું છે. પર્વતની ભેખડોના કારણે વિષમ ભૂમિતલવાળું આ રાજ્ય છે.

આવા પ્રકારની આ વિષમભૂમિ ઉપર જૈનસમાજે સારાં અને સુંદર ઘણાં જૈનમન્દિરો બંધાવેલાં છે જે મન્દિરો અતિશય રમણીય લાગે છે. બધાં જ દેરાસરો ખૂણામાં અને ખાંચામાં હોવાથી સમસ્ત સંઘ ત્યાં જઈ શકે તેમ ન હતો. તેથી હૃદયના ભાવથી જ વંદના કરી. તો પણ જ્યાં જ્યાં

જવાય તેમ હતું ત્યાં ત્યાં તો સંઘ સાથે સંઘપતિ પણ દર્શનાદિ કાર્ય કરવા માટે ગયા. આવી ગલી ખુંચીમાં આ ગામમાં ઘણાં મંદિરો છે. ॥ ૪૭-૪૮ ॥

**આદિ ચૈત્ય દીઠું ઉદ્દામ, જેહનો સ્વર્ગ સમોવડિ કામ, ।**
**ચઉમુખ ચૈત્ય ત્રિભૂમિક ભલો,**
**અજિતશાંતિકુંથુ જિનહર ગુણનીલો ॥ ૪૯ ॥**
**શ્રી જીરાઉલિ પાસ પ્રસિદ્ધ વિવિધચૈત્ય યાત્રા તિહાં કીધ।**
**દેહરાં તિહાં ઉત્તંગ ઇગ્યાર, ભેટી કીધ સફલ અવતાર ॥૫૦॥**

ગાથાર્થ : શિરોહી શહેરમાં સૌથી પ્રથમ શ્રી આદિનાથ પરમાત્માનું ચૈત્ય જોયું. આ દેરાસર ઘણું ઊંચું છે. જાણે સ્વર્ગની સાથે વાતો કરતું હોય એમ વધારે ઊંચુ તથા સ્વર્ગની સમાન કારીગરીવાળું આ જૈનમન્દિર છે. ચૌમુખી ચાર પ્રતિમાઓવાળું આ ચૈત્ય ત્રણ મજલાવાળું મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ બાકીની ત્રણે દિશામાં અનુક્રમે અજિતનાથ દાદા, શાન્તિનાથ દાદા અને કુંથુનાથ જિનેશ્વર ભગવંતો બીરાજે છે. ત્યાંથી વિહાર કરીને આ સંઘ જીરાઉલા તીર્થે આવ્યો. જીરાઉલાજીમાં શ્રી પાર્શ્વનાથ પરમાત્મા બીરાજે છે. આમ જુદા જુદા તીર્થોની યાત્રા કરતો કરતો આ શ્રી સંઘ જીરાઉલાજીમાં નાનાં-મોટાં ઘણાં ઊંચાં કુલ અગીયાર દેરાસર છે. તેમાં બીરાજમાન જિનેશ્વર ભગવાનને ભેટીને પરમ ભક્તિ કરવાપૂર્વક પરમાત્માના ગુણો ગાવા દ્વારા માનવજીવને

અને આ અવતારને સફળ કરવા તરફ પ્રેરક બન્યો. અને ધન્ય ધન્ય બન્યો. પોતાના જીવનની ધન્યતા અનુભવવા લાગ્યો. ॥ ૪૯–૫૦ ॥

**સારાંશ** : સુરતથી નીકળેલો આ સંઘ વિહાર કરતો કરતો સર્વ સાજન મહાજન સાથે શીરોહી ગામમાં આવી પહોંચ્યો. શીરોહીમાં એક ચૌમુખજી પરમાત્માનું મન્દિર છે જેમાં મુખ્ય દરવાજે શ્રી આદિનાથ ભગવાન અને બાકીના ત્રણ દરવાજે શ્રી અજિતનાથ, શ્રી શાન્તિનાથ અને શ્રી કુંથુનાથ પરમાત્મા બીરાજે છે. આ દેરાસરની ઊંચાઇ ઘણી છે. જાણે સ્વર્ગવાસી દેવો સાથે વાર્તાલાપ કરતું હોય તેમ જણાય છે ત્યાંથી આ સંઘ ભક્તિ ભાવના ભાવતો ભાવતો નાચતો કુદતો હાથતાળી લેતો જીરાવલાજી ગામમાં જીરાવલાજી શ્રી પાર્શ્વનાથ પ્રભુના મન્દિરમાં આવી પહોંચ્યો. રસ્તામાં આવતા નાના–મોટા તીર્થોની યાત્રા કરતો કરતો જીરાવલા તીર્થમાં આવ્યો. જે તીર્થમાં ઊંચાં ઊંચાં અગીયાર જૈન દેરાસરો છે. જેનાં દર્શન કરીને પ્રાપ્ત થયેલા જૈન અવતારને (જન્મને) સફળ કર્યો. પરમાત્માની ભક્તિમાં લયલીન બન્યો. ॥ ૪૯–૫૦ ॥

**ગોહલી સીદરોડ ગામ મઝાર એક એક છે જૈન વિહાર, ।**
**હમીરપુરે છે ચ્યાર મેંડે સીરોડીઇ ચૈત્ય જુહારી ॥ ૫૧ ॥**
**ઇહાં પાખતી છે બહુલાં ગામ, તિહાં પ્રાસાદ અછે અભિરામ।**
**પાલડીઇ શ્રીવીરવિહાર વળી ચાલ્યા આગલિ સુખકાર ॥૫૨॥**

**ભાવાર્થ** : જીરાઉલાજી તીર્થનાં દર્શન કરીને આ સંઘ ધીમે ધીમે આગળ ચાલ્યો. રસ્તામાં ગોહલી અને સીદરોડ નામનાં ગામો આવ્યાં. જેમાં એક એક જૈન ઉપાશ્રય છે. ત્યાંથી આગળ જતાં હમીરપુર નામનું ગામ આવ્યું. જે ગામમાં ચાર માળવાળું જૈનમંદિર છે. ત્યાં દર્શન-વંદન કરીને સીરોડી નામના ગામમાં ગયા. ત્યાં ચૈત્યોનાં દર્શન કરી પ્રતિમાજીને જુહારીને આગળ આ સંઘ ચાલ્યો. ત્યાં માર્ગના બન્ને પડખે ઘણાં ઘણાં ગામો છે. જેમાં મનોહર જૈન દેરાસરો છે. એમ કરતાં પાલડી નામનું ગામ આવ્યું. ત્યાં શ્રી વીર પ્રભુનો વિહાર થયો હતો તેનું સ્થાન જોઈને આ સંઘ જાત્રા કરીને સુખે સુખે આગળ આગળ ચાલ્યો. પંથ કપાતો જાય છે. ॥ ૫૧-૫૨ ॥

**સારાંશ** : જીરાઉલાથી ગોહલી સીદરોડ વિગેરે ગામો પસાર કરતો અને તેમાં રહેલા એક એક જૈન વિહાર (જૈન ઉપાશ્રયની) યાત્રા કરતો કરતો આ સંઘ હમીરપુર ગામમાં આવ્યો. આ ગામમાં ચાર મેડાવાળું (ચાર માળવાળું) ભવ્ય એક જૈન મન્દિર છે તેની યાત્રા કરીને સીરોડી ગામની જાત્રા કરીને આ સંઘ આગળ આગળ આબુ પર્વત તરફ ચાલતો હતો બન્ને પડખે નાનાં-મોટાં ઘણાં ગામો હતાં. તેમાં મનને આંજી નાખે એવાં મનોહર જૈન મન્દિરો છે. તેની ભાવથી યાત્રા કરતો કરતો આ સંઘ "પાલડી" નામના ગામમાં આવ્યો. ત્યાં શ્રી મહાવીર પ્રભુના વિહારનું સ્થાન

જોઇને ભક્તિભાવપૂર્વક દર્શન વંદન કરીને આગળ ચાલ્યો. સુખે સુખે આગળ ચાલતાં ચાલતાં આ શ્રી સંઘ આબુ તરફ પ્રયાણ ચાલુ રાખે છે. ॥ ૫૧–૫૨ ॥

**હડાદરૂં આબુ તલહરી,**
**જિન વંદી દુઃખ ગયા સહું મિટી।**
**સજ્જ થઈ આબૂ ચઢ્યા,**
**જય જય તણા નિશાન જ મઢ્યા॥ ૫૩ ॥**

**ભાવાર્થ** : હમીરપુરથી આગળ વધતાં પાલડીની યાત્રા કરીનેં ચાલતો અને છ'રી' પાલતો સુરત શહેરથી નીકળેલો આ સંઘ આબુ પર્વતના પાછલા ભાગમાં હડાદરૂં (અથવા અનાદરૂં) એ નામનું આબુ પર્વતની તળેટીમાં નાનું ગામ આવ્યું. તે ગામમાં બીરાજમાન એવા જિનેશ્વર પરમાત્માને વંદના કરી. તે વખતે જાણે બધાં દુઃખો (આટલો મોટો રસ્તો ચાલ્યાનો થાક તાવ વિગેરે સર્વ દુઃખો) મટી ગયાં હોય તેમ અર્થાત્ સર્વ દુઃખો દૂર જ ભાગ્યાં હોય તેમ સવારે વહેલા ઉઠીને તૈયાર થઈને સર્વ સંઘ સાથે આબુ પર્વત ઉપર ચઢાણ ચાલું કર્યું. હસતે મુખે, પ્રસન્ન ચિત્તે, વાર્તાલાપ કરતાં કરતાં આબુ પર્વત ઉપર ચઢ્યા અને પરમાત્માની જય જય બોલાવતા બોલાવતા આકાશ ગજવી મુક્યું. તથા ઢોલ–નગારાં અને ઝાંઝરના ઝંકારવાળા ગગનભેદી અવાજથી વાતાવરણ ઉત્સાહના જોરમાં ગરકાવ કર્યું. ॥ ૫૩ ॥

**સારાંશ** : અર્થ સરળ છે અનાદરાથી આબુ પર્વત ઉપર ચડવાનું ચાલું કર્યું. જુનાં પ્રાચીન પગથીયાં હતાં. છતાં થાક–પરિશ્રમ ગણકાર્યા વિના પરસ્પર વાર્તાલાપ કરતો કરતો આખો આ શ્રી સંઘ પર્વત ઉપર ચઢ્યો. જ્યાં દેરાસર નજીકનો ભાગ આવવા લાગ્યો ત્યાં જય જયના જોરદાર નાદ સાથે, વાજાં અને નગારાનાં ગગનભેદી અવાજ સાથે, ઝાંઝરોના ઝમકાર સાથે સુરતના આ સંઘે જ્યારે આબૂ ઉપરના દેરાસરમાં પ્રવેશ કર્યો ત્યારે જય જયના નાદથી ગગન ગાજી ઉઠ્યું. માનવમહેરામણ ઘણો જ ઉભરાયો હતો. ઠેર ઠેર નૃત્યો ગોઠવાયાં હતાં. હર્ષનાદો થતા હતા. વાતાવરણ હર્ષઘેલુ બન્યું હતું. ॥૫૩॥

॥ ઢાળ આઠમી ॥

**અર્બુદગિરિને શૃંગ વૃષભ પ્રાસાદ ઉત્તંગ,**
**નિરખી ઉપનો એ । આનંદ અતિઘણો એ ॥ ૫૪ ॥**

**વિમલવસહી સુખકાર પાસેં, નેમિવિહાર,**
**વસ્તુપાલેં કરી એ । લુણિગવસહી ધરી એ ॥ ૫૫ ॥**

**રૂપા અધિક પાષાણ દ્રવ્યતણું નહી માન,**
**મનોહર કોરણી એ । દીસે અતિ ઘણી એ ॥ ૫૬ ॥**

**ભાવાર્થ** : બળદનાં ધારદાર શીંગડાં જેમ ઊંચાં ઊંચાં હોય છે તેની જેમ ઊંચા ઊંચા જૈનમન્દિરો અર્બુદગિરિ ઉપર (આબુ પર્વત ઉપર) જોઈ જોઈને આ સુરતના સંઘના

દરેક વ્યક્તિના મુખ ઉપર અને હૃદયની અંદર અપાર આનંદ છવાયો હતો. સૌથી પ્રથમ વિમલવસઈમાં દર્શન કર્યાં. ત્યારબાદ તેની જ પાસે સુખ ઉપજાવે તેવું (જેને જોવાથી આનંદ પ્રમોદ થાય તેવું) વસ્તુપાલ તેજપાલે બનાવેલું નેમિનાથ પરમાત્માનું ભવ્ય મંદિર શોભે છે જેને લુણવસઈ કહેવાય છે. તેનાં દર્શન-વંદન કર્યાં.

રૂપિયા કરતાં પણ પત્થરની કિંમત ઘણી અધિક હતી. પત્થરની કોતરણી કરવામાં રૂપિયાના ખર્ચનું (દ્રવ્યનું) કોઈ માપ હતું જ નહીં. માત્ર મનોહર કોતરણી થવી જોઈએ. આ લક્ષ્ય રાખીને અઢળક દ્રવ્ય ખર્ચ્યું. પાંચમા આરાના આ વિષય કાળમાં આવી કોતરણી થવી અત્યન્ત દુષ્કર છે. તેથી જ અતિશય ભવ્ય દેખાય છે જૈન-જૈનેતર લોકોનાં ટોળે ટોળાં આ કોતરણી જોવા દોડી આવે છે અને મુક્ત કંઠે ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. ॥૫૪-૫૫-૫૬॥

**સારાંશ** : આબુ પુર્વત ઉપર વિમલવસઈ અને લુણવસઈ છે. ત્યાં ''દેલવાડાંના દેહરાં'' એવા ટુંકા નામે પ્રખ્યાત આ જૈન મન્દિરો ઝીણી ઝીણી કોતરણીઓના ભંડારો રૂપે શોભી રહ્યાં છે. વિમલશાહે બનાવેલું જે મુખ્ય મંદિર છે તે વિમલવસઈ અને વસ્તુપાલ તેજપાલે બનાવેલ તેની પાસેનું જે બીજું મંદિર છે તે લુણવસઈ કહેવાય છે. બળદના માથે જેમ ઊંચાં ઊંચાં શીંગડાં શોભે છે તેમ આબુ પર્વતના મસ્તક ઉપર આ વિમલવસઈ અને લુણવસઈ બળદના શીંગડાની જેમ ઊંચા

ઊંચા શિખરવાળાં મંદિરો શોભે છે. ઊંચાં ઊંચાં મંદિરો જોઈને ઘણો જ ઘણો આનંદ થાય છે.

આ બન્ને મંદિરો બનાવતાં ઝીણી ઝીણી કોતરણીવાળી શાસ્રના અભ્યાસ મુજબ દેવ દેવીઓના નૃત્યાદિ સાથે આ કોતરણી કરાવવામાં આવી છે. આ કોતરણી કોતરતાં કોતરતાં જેટલો જેટલો પત્થર કપાય તેની ભારોભાર રૂપિયા મજુરોને આપવામાં આવતા હતા. એટલે કોતરણી કોતરાવવામાં અને ખર્ચ કરવામાં દ્રવ્યનું કોઈ માપ રાખવામાં આવ્યું નથી. આ પાંચમા આરા જેવા વિષમ કાળમાં પણ આવા ભવ્ય ઉત્તમ આત્માઓ થયા છે. ધન્ય છે તેમના જન્મને અને તેમના માતપિતાને, કે જેઓએ આવા નરરત્નોને જન્મ આપ્યો છે. તથા જે મહાત્માઓએ આવા અનુપમ કાર્યો કર્યાં છે. ॥ ૫૪–૫૫–૫૬ ॥

**ભીમસાહ કૃત ચૈત્ય વંદી પાવન વિત્ત,**
**પીતલ પરિકર્યું એ । બિંબઇ પરિવર્યું એ ॥ ૫૭ ॥**

**પાસ ભુવન ત્રણ ભૂમિ ખરતર ગુણ સીમ,**
**ચઉમુખ દેહરૂ એ । ત્રિભુવન સેહરૂ એ ॥ ૫૮ ॥**

**ખમણા દેઉલ એક બિંબ આઠ અધિક શત એક,**
**નિરખી ભાવિઆ એ । અચલગઢ આવીયા એ ॥૫૯॥**

**ભાવાર્થ :** વિમલશાહે વસાવેલ વિમલવસઈ અને વસ્તુપાલ તેજપાલે વસાવેલ લુણવસઈનાં જૈનતીર્થોનાં દર્શન

વંદન કર્યા પછી ત્યાં જ રહેલાં ભીમાશાહે બંધાવેલા ચૈત્યમાં પરમાત્માનાં દર્શન–વંદન–પૂજન કરીને ઘણું જ ધન ધર્મકાર્યમાં વાપર્યું અને આ રીતે ધનનો સદુપયોગ કરવા દ્વારા ધનને પવિત્ર કર્યું. ત્યાં ભીમાશાહે બનાવેલા ચૈત્યમાં પીત્તલની બનાવેલી પરિકર સાથેની પ્રતિમા અત્યન્ત ઘણી શોભાયમાન છે. વળી વિમલવસઈ અને લુણવસઈની એકદમ પાસે જ ત્રણ મજલાની ભૂમિવાળું અને મજબૂતાઈના ગુણવાળું ચૌમુખજીની પ્રતિમાવાળું એવું આ ભીમાશાહે બનાવેલું ચૈત્ય ત્રણે ભુવનમાં શિખરભૂત શોભે છે ત્યાં દર્શન–વંદન કર્યાં. ત્યારબાદ તેની પાસેના નાના એક દેરાસરમાં એકસોહ આઠ જિનપ્રતિમાજી છે. તે બધાંને નિરખીને એટલે કે ભાવપૂર્વક દર્શન – વંદન કરીને ત્યાંથી આગળ આગળ ગિરિ ઉપર ચઢતાં જ્યાં અચલગઢ છે. ત્યાં આ સંઘ આવી પહોંચ્યો. ॥ ૫૭–૫૮–૫૯ ॥

**સારાંશ :** વિમલવસઈ અને લુણવસઈનાં દેરાસરોમાં બીરાજમાન જિનપ્રતિમાજીનાં દર્શન–વંદન કર્યા પછી તે બન્નેની એકદમ પાસે જ રહેલા અને ભીમાશાએ બનાવેલા, ત્રણ માળના મજલાવાળા અતિશય મજબૂતાઇના ગુણવાળા આ ચૈત્યમાં પિત્તળનાં બનાવેલાં ચૌમુખજીવાળા જિનાલયમાં ભવ્ય પ્રતિમાજીનાં દર્શન–વંદન–પૂજન કરીને ત્યાં ઘણું ધન આ સંઘે વાપર્યું.

ત્યારપછી તેની જ પાસેના એક દેરાસરમાં બીરાજમાન એવાં એકસોહ અને આઠ પ્રતિમાજી છે તે સર્વને હૈયાના ખૂબ જ ઉછળતા ભાવપૂર્વક વંદના નમસ્કાર અને ભક્તિ કરીને ત્યાંથી આગળ આગળ ચાલીને થોડાક જ દૂર આવેલા અચલગઢવાળા શિખર ઉપર ચઢવાનું ચાલુ કર્યું અને ભક્તિ-ભાવપૂર્વક ચાલતો ચાલતો આ સંઘ તે અચલગઢવાળા શિખર ઉપર આવી પહોંચ્યો. ॥ ૫૭-૫૮-૫૯ ॥

**પીત્તલ પ્રતિમા સાર, ચૌદ સયમણની ચાર,**
**ચઉમુખ સુખકરૂ એ, ભવિ ભવભય હરૂ એ ॥ ૬૦ ॥**

**આરસમય સાત બિંબ, મુદ્રા અતિહિ અચંભ,**
**જિમણેં પાસે ભલા એ, સોહે નિર્મલા એ ॥ ૬૧ ॥**

**ગામમાંહી શાન્તિવિહાર, બાહીર વીર જુહારી,**
**કુમરનૃપતિએ કર્યું એ, જિનબિંબે ભર્યું એ ॥ ૬૨ ॥**

**ભાવાર્થ** : તે અચલગઢ ઉપર પીત્તલની મોટી ચારેક પ્રતિમાજી છે. જેનું વજન (૧૪૦૦) ચૌદસો મણ છે. આવી આ ચૌમુખી પ્રતિમાજી છે. જેને જોતાં જ સુખ ઉત્પન્ન થાય. મનને ગમી જાય તેવાં પ્રતિમાજી છે. તથા તેની આજુ-બાજુ આરસનાં બનાવેલાં સાત પ્રતિમાજી છે જેની મુદ્રા અત્યન્ત આશ્ચર્યકારી છે. આ મુખ્ય ચાર પ્રતિમાજીની પડખે આ સાત પ્રતિમાજી અતિશય સુંદર નિર્મળપણે શોભે છે.

તથા આબુ ગામમાં પણ શાન્તિનાથ પરમાત્માનું એક મન્દિર છે. અને આબુ ગામની બહાર સ્ટેશન પાસે પણ શ્રી મહાવીર પરમાત્માનું એક સુંદર મંદિર છે. આ મંદિર કુમર નામના રાજાએ બનાવ્યું છે. જેમાં સુંદર જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ॥ ૬૦-૬૧-૬૨ ॥

**સારાંશ** : આબુ પર્વત ઉપર દેલવાડાના વિભાગમાં વિમલવસઇ અને લુણવસઈનાં મંદિરો છે. ત્યાંથી આગળ જઈને પર્વત ઉપર વધારે ઊંચા ચડીએ ત્યારે સૌથી ઊંચા શિખર ઉપર અચલગઢનાં મંદિરો આવે છે. જેમાં ચૌમુખી પિત્તલનાં પ્રતિમાજી છે. જેનું વજન (૧૪૦૦) એક હજાર અને ચારસો મણ છે. (આજે કીલોગ્રામનું દશાંશ પદ્ધતિવાળું માપ ચાલે છે. તે પહેલાં આ માપ ચાલતું હતું.) (ચાલીસ શેરનું એક મણ થતું હતું. એવું ૧૪૦૦ મણ આ પ્રતિમાજીનું વજન હતું.) જેને જોતાં જ ચિત્ત ઠરી જાય. ત્યાં જ ઊભા રહેવાનું મન થાય એવું તથા ભવોના ભયને હરનારૂ આ પ્રતિમાજીનું દર્શન છે. અત્યન્ત આશ્ચર્ય ઉપજાવે તેવાં આરસનાં બનાવેલાં બીજાં સાત પ્રતિમાજી, આ ચાર પ્રતિમાજીની પડખે શોભે છે. આબુ ગામમાં શાન્તિનાથજી પરમાત્માનું દેરાસર અને ગામની બહાર સ્ટેશન પાસે શ્રી મહાવીરસ્વામી પરમાત્માનું દેરાસર આવેલું છે જે કુમર નામના રાજાએ બનાવ્યું છે. તે બધાં દેરાસરોમાં આ સુરતના સંઘે દર્શન-વંદન આદિ કાર્યો કર્યાં. ॥ ૬૦-૬૧-૬૨ ॥

**ઓરિસા ગામે એક, જિનવર બિંબ અનેક,**
**આરસમય સહી એ, પ્રણમ્યા ગહગહી એ ॥ ૬૩ ॥**

**પૂજા વિવિધ પ્રકાર, આંગી રચના સાર,**
**જનમ સફળ કર્યો એ, ભવ સાયર તર્યો એ ॥ ૬૪ ॥**

**પુરુષાદાણી નેં વર્ધમાન, વહિંને વીસાલા માની,**
**ચોથુ વ્રત લહેં એ, આણંદ અતિ લહે એ ॥ ૬૫ ॥**

ભાવાર્થ : ''ઓરીસા'' નામના ગામમાં જૈનમંદિર એક જ છે. પરંતુ તેમાં પ્રતિમાજી અનેક છે અર્થાત્ ઘણાં છે. (ભંડાર છે). આ તમામ પ્રતિમાજી આરસનાં ઘડીને બનાવેલાં છે અહીં આવેલા સુરતના આ સંઘે ત્યાં હૈયાના ઉછળતા ભાવપૂર્વક સર્વ પ્રતિમાજીને વંદના કરી. તથા આ પ્રતિમાજીની સામે જુદી જુદી અનેક પૂજાઓ ભણાવી. ત્યારબાદ પરમાત્માના શરીર ઉપર સુંદર અંગરચના (આંગી) કરી. આંગી જોઈ જોઈને સંઘના તમામ ભાઈ-બહેનો ઓરીસાના પરમાત્મા સામે દાંડીયા રાસ રમ્યા, ઉત્તમ ભાવનાઓ ભાવી, નૃત્યો કર્યાં અને એટલા બધા આનંદના હીલોળે ચડ્યા કે જાણે અમે તો આજે ભવસાગરને તરી ગયા છીએ. એમ મનમાં પાકો નિર્ણય કર્યો.

પુરૂષાદાણી શ્રી પાર્શ્વનાથ પ્રભુ, અને મહાવીરસ્વામી પ્રભુ, આ બન્ને અહીં બીરાજે છે. તથા ભૂમિ પણ વિશાળ છે. એમ માનીને ત્યાં નાણ માંડીને કેટલાક ભાઈ-બહેનોએ

ચોથુ વ્રત ધારણ કર્યું તે કાળે ઘણો જ ઘણો આનંદ તે સંઘમાં પ્રવર્તતો હતો. ॥૬૩-૬૪-૬૫॥

**શાહ સામજીઇં ઉજમાલ, તિહાં પહેરેં ઇંદ્રમાલ,**
**ધ્વજ રોપણ કરી એ, સંઘતિલક ધરી એ ॥ ૬૬ ॥**

**શ્રાવક શ્રાવિકા જેહ, આનંદ અછેહ,**
**ભાવેં ભાવના એ, હરખિત સવિ જના એ ॥ ૬૭ ॥**

**અઠ્ઠાઈ મહોચ્છવ કીધ, નરભવ લાહો લીધ,**
**કુશલે ઉતર્યા એ, જયલચ્છી વર્યા એ ॥ ૬૮ ॥**

**ભાવાર્થ** : સુરતથી સંઘ કાઢનાર શાહ શામજીભાઈ ઘણા જ હોંશપૂર્વક ઉજ્જ્વલ અધ્યવસાયવાળા થઈને ત્યાં ''ઇન્દ્રમાલ'' પહેરનારા થયા. અને દેરાસર ઉપર ધજાનું આરોપણ કરીને (ધજા ફરકાવીને) પછી આ ઇન્દ્રમાલ પહેરી, સંઘમાં આવેલા ભાઈ-બહેનોએ તેઓને સંઘપતિ તરીકેનું ''સંઘતિલક'' કર્યું.

જ્યારે આ વિધિ ચાલતી હતી ત્યારે સંઘમાં આવેલા સમસ્ત શ્રાવક અને શ્રાવિકાઓ તથા સાથે લાવેલો કામકાજ કરનારો નોકરચાકર વર્ગ એમ સર્વે જીવો ઘણા જ ઘણા હર્ષિત થયા. બધાંનાં મુખો હર્ષના આંસુઓથી છલકાતાં હતાં. અતિશય આનંદમાં વિસ્મિત બન્યાં હતાં. પ્રસન્ન મનવાળા અને મનમાં (આવા દેદીપ્યમાન સંઘ કાઢવાની) ભાવનાઓ ભાવતા છતા નાચતા કુદતા ગેલ કરતા હતા. તથા અત્યન્ત

હર્ષિત થઈને ત્યાં જ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો અને પ્રાપ્ત થયેલા માનવભવનો લાહવો લીધો. પરમાત્માની સામે ઘણાં નૃત્યો કર્યાં. શારીરિક આદિની કુશળતાપૂર્વક ઓરીસામાં તીર્થમાળ પહેરીને હવે ગુજરાત ભણી ઉતર્યાં. (વિહાર કર્યો) આ રીતે સર્વ સ્થાનોમાં જય જયના નાદનો ગુંજારવ કર્યો – કરાવ્યો અને અનુમોદ્યો. ॥ ૬૬-૬૭-૬૮ ॥

**સારાંશ** : ઓરીસા નામના ગામમાં (તીર્થસ્થાનમાં) આ સંઘ લઈને આવનાર શ્રી શામજીભાઈએ તીર્થમાળ પહેરી. દેરાસર ઉપર ધ્વજનું આરોપણ કર્યું અને સંઘે તેઓશ્રીને સંઘપતિ તરીકેનું તિલક કર્યું. તે કાળે સમસ્ત શ્રાવક-શ્રાવિકાગણ તથા નોકરચાકર વર્ગ ઘણો હર્ષઘેલો બન્યો. ઘણા જ હર્ષિત થઈને આવા આવા સંઘ કાઢવાની ભાવનાવાળા થયા. ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. કુશળતાપૂર્વક પાછા ગુજરાત તરફ શ્રી સંઘે પ્રયાણ કર્યું. ॥ ૬૬-૬૭-૬૮॥

॥ ઢાળ નવમી ॥

**હવેં તિહાંથી સંચર્યા સુણસુંદરી,**
**આવ્યા મઢાડિ મઝાર સાહેલડી,**
**દાંતીવાડે એક જિનતણો સુણસુંદરી,**
**ચૈત્ય અનુપમ હોય સાહેલડી ॥ ૬૯ ॥**

**પાલવિહાર શ્રીપાસનો, સુણસુંદરી,**
**રાય પ્રલ્હાદે કીધ સાહેલડી,**

**અક્ષતમૂડો નિમુ પુતે, સુણસુંદરી,**
**સોલમણિ પુગી પ્રસિદ્ધ સાહેલડી ॥ ૭૦ ॥**

**પૂજા ભોગ એહવો હતો, સુણસુંદરી,**
**પહિલાં ઇણિ જગિમાંહી સાહેલડી,**
**સંપ્રતિ પણિ મહિમા ઘણો સુણસુંદરી,**
**પાલનપુરવરમાંહી સાહેલડી ॥ ૭૧ ॥**

**ભાવાર્થ** : હવે ત્યાંથી (મારવાડના તીર્થોની યાત્રા કરીને) પાછા ફર્યા, રસ્તામાં પિંડવાડાની પાસે ''અજારિ'' નામના ગામની પાસે સરસ્વતીદેવીનું સ્થાન આવે છે. ત્યાં થઈને જીરાવલા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન–વંદન ભક્તિભાવના કરીને આ સંઘ દાંતીવાડામાં રહેલા એક જૈનમંદિરની અંદર દર્શન–સેવા પૂજા કરી તથા ભાવના ભાવી ત્યાંથી વિહાર કરતો કરતો ''પાલનપુર'' નામના ગામમાં આ સંઘ આવ્યો. પ્રહ્‌લાદ નામના રાજાએ આ ગામમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ''પાલવિહાર'' એ નામનું ભવ્ય જૈનમંદિર બંધાવેલું છે. તેના ઉપરથી આ ગામનું નામ ''પાલનપુર'' આ પ્રમાણે રૂઢ થયું અને પરમાત્માને પલ્લવીયા પાર્શ્વનાથ કહેવાય છે. ત્યાં આ પાર્શ્વનાથ પ્રભુના (જેને પલ્લવીયા પાર્શ્વનાથ કહેવાય છે તેમના) મંદિરમાં અક્ષતની તો મુઠીએ મુઠીઓ લોકો ધરતા હતા તથા તેનો સાથીઓ કાઢી તેના ઉપર જે (પુગી એટલે) સોપારીઓ મુકતા હતા તે રોજની સોળ મણ સોપારી મુકાતી

હતી ઘણા લોકો પૂજા પ્રભાવના કરતા હતા. ભૂતકાળનું આ તીર્થ છે. એમ તીર્થ માનીને દર્શન કરવા આવતા હતા. આજે વર્તમાનકાળે પણ જે તીર્થનો ઘણો મહિમા છે એવા પલ્લવીયા પાર્શ્વનાથવાળા આ પાલનપુર શહેરમાં આ સંઘ આવી પહોંચ્યો. ॥ ૬૯–૭૦–૭૧ ॥

**સારાંશ** : આ સંઘ ઓરીસાતીર્થથી પાછો વળીને સુરત તરફ જઈ રહ્યો છે. રસ્તામાં આવતાં તીર્થોમાં અજારિ નામનું ગામ આવ્યું જ્યાં સરસ્વતીનું ધામ છે. ત્યાં તથા ત્યાંથી જીરાઉલા પાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરીને દાંતીવાડા તીર્થની યાત્રા કરવાપૂર્વક પાલનપુર ગામમાં પધાર્યો. પ્રહલાદ નામના રાજાએ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય મંદિર બંધાવ્યું છે. જેનું નામ પલ્લવીયા પાર્શ્વનાથ છે. ત્યાં આ સંઘ આવ્યો. ॥ ૬૯–૭૦–૭૧ ॥

**લાલપૂરેં ચલી વલી આવીચા, સુણસુંદરી,**
**શાન્તિ ભક્તિ કરી ખાસ સાહેલડી ।**
**સિદ્ધપુરે દેહરાસરે, સુણસુંદરી,**
**વાંધા ચૈત્ય ઉલ્લાસ, સાહેલડી ॥ ૭૨ ॥**

**વર્ષાઋતુ નેંડી ભણી, સુણસુંદરી,**
**ન રહ્યા થિર પરિણામ સાહેલડી,**
**તારંગાની યાત્રા વલી, સુણસુંદરી,**
**દ્રવ્યે ન કરી તામ સાહેલડી, ॥ ૭૩ ॥**

**ભાવથકી તે વંદિયા, સુણસુંદરી,**
**બિચમાં નગર અનેક, સાહેલડી,**
**અનુક્રમે ઘરભણી ચાલતા, સુણસુંદરી,**
**વાંધા તીર્થ અનેક સાહેલડી ॥ ૭૪ ॥**

**ભાવાર્થ** : પાલનપુરથી વાજતે ગાજતે આગળ વધેલો આ સંઘ રસ્તામાં આવતું લાલપુર નામનું ગામ, ત્યાં આવીને શાન્તિપૂર્વક પરમાત્માની ભક્તિ કરી, થોડોક થાક ઉતાર્યો, ત્યારબાદ સિદ્ધપુર નામના ગામમાં આવીને લાઈનસર ગોઠવાયેલાં દેરાસરોની પંક્તિને હૈયાના ઉલ્લાસપૂર્વક વંદના કરી.

ત્યારબાદ વર્ષાઋતુ (ચોમાસુ) અત્યન્ત નજીક આવતું હોવાથી લોકોના પરિણામ હવે સ્થિર રહેતા નથી. જલ્દી જલ્દી પોત પોતાના ઘરે પહોંચવાનું મન છે. તેથી બાજુમાં આવતા તારંગા નામના તીર્થની દ્રવ્યથી યાત્રા (ત્યાં જઈને યાત્રા) ન કરી. (ત્યાં જઈને પરમાત્માનાં દર્શન કરવાનું કામ ન કર્યું.) પરંતુ અહીં સિદ્ધપુરમાં રહ્યા છતા ભાવથી વંદના કરી ત્યારબાદ આગળ વિહાર ચાલુ કર્યો.

રસ્તામાં જે જે નાનાં નાનાં ગામો અને તીર્થો આવે છે તે તે ગામોમાં અને તીર્થમાં જઈ જઈને પરમાત્માની સેવા-પૂજા-દર્શન-ભક્તિ વિગેરે કાર્યો કર્યા.

એમ કરતાં કરતાં અનુક્રમે ઘરભણી ચાલતા (સુરત તરફ પ્રયાણ કરતા કરતા) રસ્તામાં આવતાં અનેક તીર્થોની યાત્રા કરતો કરતો આ સંઘ સુરત તરફ આગળ ચાલ્યો. ॥ ૬૨-૬૩-૬૪ ॥

**સારાંશ** : સંઘ આ પ્રમાણે મારવાડથી ગુજરાતમાં આવ્યો અને શાસનની પ્રભાવના કરતો કરતો સુરતથી જ નીકળેલો આ સંઘ સુરત તરફ આગળ વધ્યો.

**મહિસાણા રાજનગર પ્રમુખે, સુણ સુંદરી**
**શ્રીજનકેરાં ઠામ, સાહેલડી ।**
**પ્રણમી પ્રેમે પોહતલા, સુણ,**
**સુરત બંદર ઠામ, સાહેલડી ॥ ૭૫ ॥**

**વિધિસ્યું છ'રી' પાલતા, સુણ,**
**ષડ્માસે કરી જાત્ર સાહેલડી,**
**જ્ઞાન વિમલસૂરિ સાથસું, સુણ,**
**વંદી સફલ કરે ગાત્ર, સાહેલડી ॥ ૭૬ ॥**

**સાતક્ષેત્રે વિત્ત વાવતા, સુણ,**
**ઉચિત પ્રમુખ કરે દાન, સાહેલડી,**
**શાસન શોભા દાખવી, સુણ,**
**નિજ વચનસ્યું રાખ્યું માન, સાહેલડી ॥૭૭॥**

**ભાવાર્થ** : સુરતથી નીકળેલો સમસ્ત આ સંઘ ઢોલ-નગારાં અને ગાજાં વાજાં વાગતે છતે હાથી-ઘોડા અને

બળદો દોડતે છતે સંઘના ભાઈ–બહેનો મ્હાલતા મ્હાલતા ચાલતા હતા ત્યારે ઘણા આનંદ અને ઉમંગ સાથે મહેસાણા તીર્થની, ત્યારબાદ રાજનગર (અમદાવાદ) તીર્થની વિગેરે તીર્થોની યાત્રા કરતો કરતો (ચાતુર્માસ નજીક આવતું હોવાથી) જલ્દી જલ્દી પ્રયાણ કરતો કરતો જ્યાં જ્યાં વચ્ચે વચ્ચે આવાં તીર્થવાળાં સ્થાનો આવતાં હોય ત્યાં ત્યાં દર્શન–પૂજા કરવાપૂર્વક યાત્રા કરતો કરતો આ સંઘ સુરત બંદરે પોતાના સ્થાને આવી પહોંચ્યો. વિધિપૂર્વક છ'રી' પાળતાં (પાદવિહારી, એકલ આહારી, સચિત્ત પરિહારી, બ્રહ્મચારી, ભૂમિસંથારી અને આવશ્યક ક્રિયાકારી એમ છ છે 'રી' જેને અંતે એવો સદાચારી આ સંઘ ગુણોને પાળતો, છ મહિનાના કાળે યાત્રા કરીને પાછો સુરત આવ્યો. પરમ પૂજ્ય જ્ઞાનવિમલ–સૂરીશ્વરજીની સાથે બધા જ તીર્થોમાં ભાવપૂર્વક વંદના કરીને પોતાના શરીરને અને આત્માને પવિત્ર કરનારો, સાતે ક્ષેત્રમાં ધનને વાપરવા દ્વારા સારી વાવણી કરતો, ઉચિતદાન, પ્રીતિદાન, સન્માનદાન વિગેરે ઉચિત કાર્યો કરતો કરતો શાસનની શોભા વધારતો વધારતો, બોલ્યા પ્રમાણે વચનને પાળતો પાળતો આ સંઘ સુરતથી નીકળીને પાછો સુરત હોંશે હોંશે આવી પહોંચ્યો. ॥ ૭૫–૭૬–૭૭ ॥

**સારાંશ** : મહેસાણા વિગેરે તીર્થોની યાત્રા કરતો આ સંઘ ઘણા જ આનંદ અને ઉત્સાહ સાથે સેંકડો સાધુ–સાધ્વીજી મ. સાહેબો તથા અનેક શ્રાવક–શ્રાવિકાઓથી

પરિવરેલો અને છ'રી પાલતો આ સમસ્ત સંઘ ઠાઠમાઠ સાથે, ચડતે રંગે, વધતા ઉલ્લાસે, પ્રસન્ન ભાવનાએ પોતાના ગામ ભણી ચાલ્યો. (અર્થાત્ સુરત ભણી ચાલ્યો.) ॥ ૭૫-૭૬-૭૭ ॥

**ઠામ ઠામ પરભાવના, સુણસુંદરી,**
**પૂજા સત્તર પ્રકાર સાહેલડી ।**
**દેવદ્રવ્ય વૃદ્ધિ દાખતા, સુણસુંદરી,**
**સફળ કર્યો અવતાર સાહેલડી ॥ ૭૮ ॥**

**સંવત સત્તર પંચાવને સુણસુંદરી,**
**સફળ મનોરથ સિદ્ધ સાહેલડી ।**
**જયેષ્ટ શુક્લ દશમી દિનેં સુણ સુંદરી,**
**એ તીરથ રચના કીધ સાહેલડી ॥ ૭૯ ॥**

**ભાવાર્થ** : આ સંઘ તીર્થયાત્રા કરવા માટે પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં વિહાર કરતો કરતો સ્થાને સ્થાને જૈનશાસનની પ્રભાવના કરતો કરતો તથા સત્તરભેદી પૂજા વિગેરે અનેક પ્રકારની પૂજાઓ ભણાવતો ભણાવતો તથા ગામેગામ દેવદ્રવ્યની વૃદ્ધિ કરતો કરતો ગામાનુગામ તીર્થયાત્રા કરતો કરતો સુરત ભણી વિચરી રહ્યો છે. અને પોતાને પ્રાપ્ત થયેલો મનુષ્યજન્મ (માનવ અવતાર) તથા પ્રાપ્ત થયેલા ધનને સફળ કર્યાનો આનંદ માને છે.

આ સંઘ વિક્રમ સંવત (૧૭૫૫) સત્તરસો અને પંચાવનમાં સુરતથી નીકળ્યો હતો. અતિશય સુંદર ભક્તિ ભાવના કરવા વડે બધા જ લોકોના સર્વ મનોરથો સફળ થયા હતા. સંઘ પાછો જ્યારે સુરત મુકામે આવ્યો ત્યારે જેઠ માસના અજવાળીયાની દશમની તિથિ હતી. (જેઠ સુદ ૧૦ હતી) તે કાલે સંઘની સમાપ્તિના કાળે આ તીર્થયાત્રાની "કાવ્યરૂપે" રચના કરાઈ. ॥ ૭૮–૭૯ ॥

**સારાંશ :** પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતે જ આ તીર્થયાત્રાને કાવ્યરૂપે બનાવીં છે તેઓ કાવ્ય બનાવવામાં કવિ હતા. તેઓશ્રીએ ઘણાં સ્તવનો ચૈત્યવંદનો વિગેરે બનાવ્યાં છે પરમ પૂજ્ય આનંદઘનજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા., પરમ પૂજ્ય જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. સા., પરમ પૂજ્ય શ્રી મોહનવિજયજી મ. સા. પરમ પૂજ્ય વિનયવિજયજી મ.સા. તથા પરમ પૂજ્ય શ્રી દેવચંદ્રજી મ. સાહેબ આ સર્વે પ્રખર પંડિતો અને કવિઓ હતા. તથા આ સર્વે ૧૬ મા અને ૧૭મા સૈકામાં થયા છે. તે મહાત્માઓને વારંવાર ભાવપૂર્વકની વંદના કરીએ. ॥૭૮–૭૯॥

કળશ

**ઇમ તીર્થમાલા, ગુણવિશાલા, કરી સંઘે અતિભલી,**<br>
**કલ્યાણ માલા, ભવિક બાલા, લહો જિન મનની રૂળી,**

**પરભાતે ઉઠી, એહજિનવર, નામ ગુણકંઠે ધરઈ,**
**'જ્ઞાનવિમલ' ગુણોઘ સમકિત, સહજ લીલા તે વરઈ. ॥૮૦॥**

**ભાવાર્થ :** આ પ્રમાણે સુરતથી નીકળેલા આ સંઘે ગુણોથી ભરપૂર ભરેલી એવી તીર્થોની યાત્રા કરવારૂપ ઉત્તમ કાર્ય કર્યું. તેની આ એક સુંદર માળા બનાવી. વાંચતાં વાંચતાં મનને ગમી જાય તેવી અને કલ્યાણને કરનારી એવી આ તીર્થોના દર્શનની માળાને ભવ્ય જીવો રૂપી બાળ જીવો આ માળાને ગ્રહણ કરજો વાંચજો અને વારંવાર વિચારજો. તથા હૈયામાં ધારણ કરજો.

જ્યારે સવારે ઉઠો ત્યારે સૌથી પ્રથમ કોઈપણ એક તીર્થંકર પરમાત્માનું નામ કંઠે ગ્રહણ કરવું. ભગવાનના નામનો જાપ કરવો આ પ્રમાણે પરમાત્મનું નામ લેનારો આત્મા તે મહાત્માના નામસ્મરણ માત્રથી પણ ઘણા ગુણોના ભંડારવાળું અને સમ્યગ્જ્ઞાન વડે નિર્મળ એવું સમ્યક્ત્વ ઓછા પ્રયત્ને તુરત જ પ્રાપ્ત કરે છે. સમ્યક્ત્વ આવવાથી આત્માનું કલ્યાણ અવશ્ય થાય છે. આત્મા નિયમા મોક્ષે જાય જ છે. ॥૮૦॥

**સારાંશ :** આ સંઘે જે રીતે તીર્થોની યાત્રા કરી. તેને ગાતાં ગાતાં ગુણીઓના ગુણોના સ્મરણ માત્રથી આ જીવ કલ્યાણ પ્રાપ્ત કરે છે અને સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને મુક્તિગામી થાય છે. માટે આવી તીર્થમાળાને નિરંતર ગાવી. મનને આવી તીર્થયાત્રામાં પરોવી દેવું. તેમાં જ આત્મ કલ્યાણ

રહેલું છે. વારંવાર આવી તીર્થયાત્રાનું સ્મરણ કરીએ. આ ગાથામાં ''જ્ઞાનવિમલ'' શબ્દ લખીને ગર્ભિત રીતે કવિએ પોતાનું નામ પણ જણાવ્યું છે.

આ સુરતથી નીકળેલા સંઘમાં પૂજ્ય જ્ઞાનવિમલ-સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રા હતી. તેઓ મહાકવિ હતા. ઘણાં સ્તવનો ચૈત્યવંદનો વિગેરે બનાવ્યાં છે. જે આજે ઘરે ઘરે બોલાય છે. સત્તરમો અને અઢારમો સૈકો ગુજરાતીમાં કાવ્યો બનાવનાર મહાત્માઓથી શોભાયમાન હતો. આપણે તેઓનાં બનાવેલાં આવાં સ્તવનો વિગેરેને ગાઈ ગાઈને તેમાં એકાગ્ર બનીને જીવનને કંઈક અંશે પણ સફળ કરીએ. એજ આશા સાથે આ અર્થ સમાપ્ત કરૂં છું.

હવે પછી સૂઇગામમાં આવેલ સંઘ અને ગોડી પાર્શ્વનાથ ભગવાનના જિનબિંબ અંગે વિશેષ પ્રકાશ પાથરતો એક લેખ ભાવિકો માટે પ્રકાશિત કરું છું તે આપ સૌને વાંચવા મારી નમ્ર વિનંતી છે.

# શ્રી ગોડીજી પાર્શ્વનાથનો ઇતિહાસ

નગર પારકરથી લગભગ ૫૦ માઈલ દૂર અને ગઢરા રોડથી ૭૦-૮૦ માઈલ દૂર 'ગોડીમંદિર' નામનું એક ગામ છે. અત્યારે ત્યાં માત્ર ભીલોની વસતિ છે. શીખરબંધી ગોડીજીનું મંદિર છે. મૂર્તિ વગેરે કંઈ નથી. મંદિર જીર્ણ-શીર્ણ થઈ ગયું છે.

સત્તરમી સદીના બનેલા એક સ્તવનમાં સુરતથી એક સંઘ નીકળ્યાનું વર્ણન છે. સંઘ અહમદાવાદ, આબૂ, શંખેશ્વર અને રાધનપુર થઈ, સોઈગામ (સૂઈગામ) કે જે સિંધમાં જવા માટે ગુજરાતના નાકા ઉપર છેલ્લું ગામ છે. ત્યાંથી પણ ઉતરીને સિંધ તરફ તે સંઘ ગયો હતો. પરંતુ ત્યાંથી આગળ વધવું ઘણું જ કઠિન લાગવાથી ત્યાં જ ગોડીજીની ભાવપૂર્વક સ્તુતિ કરી, ગોડીજી પાર્શ્વનાથે સંઘને ત્યાં દર્શન દીધા. સંઘ ખુશી થયો. ચાર દિવસ ત્યાં મુકામ રાખી ઉત્સવ કરી પીલુડીના ઝાડ નીચે ગોડીજીના પગલાં સ્થાપી સંઘ પાછો રાધનપુર ગયો.

ગોડીપુરનું ખાસ વર્ણન જોવામાં આવ્યું નથી. પરંતુ સ્તવનાદિમાં 'ગોડીગ્રામ' એવો શબ્દપ્રયોગ આવે છે. એટલે તે એક નાનું ગામડું હશે. એમ સમજાય છે. વળી તે અંગેની પ્રચલિત કથા પણ તે નાનું ગામ હોવાનો નિર્દેશ કરે છે. નામની સુંદરતા ખાતર નાના ગામોને પણ 'પુર' શબ્દ લગાડવામાં આવે છે.

ગોડીપુર રણકિનારે આવેલું એક નાનું ગામડું હતું. એટલે ત્યાં પાણીની તંગી હોય તે સ્વાભાવિક છે. આ તંગી નિવારવાને મેઘાશાએ ત્યાં વાવ બંધાવી હતી અને તેમાં મીઠું પાણી નિકળ્યું હતું.

આ ગોડીપુર કંઈક ઊંચા સ્થાનમાં આવેલું હશે અને તેને ફરતો ગઢ હશે એમ પ્રાપ્ત થતાં વર્ણનો ઉપરથી અનુમાન થઈ શકે છે.

આવા નાના ગામમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર શી રીતે બંધાયું ? અને તેની ચમત્કારિક પ્રતિમાની ખ્યાતિ દેશ-દેશાંતરમાં શી રીતે ફેલાઈ ? તેનો ઉત્તર પ્રચલિત કથામાંથી મળી રહે છે. એ કથા આ પ્રમાણે કહેવાય છે.

ભૂતકાળમાં ગુજરાતની રાજધાની શહેર અણહિલપુર પાટણમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ત્રણ પ્રતિમાઓ કોઈ શ્રાવકે ભોંયરામાં રાખી મૂકી હતી.

આ શ્રાવકની ઘરની નજીક એક 'તુરક' એટલે મુસલમાનનું ઘર હતું. તેણે ભોંય ખોદીને તેમાંની એક પ્રતિમા મેળવી લીધી. અને તેને પોતાના ઘરમાં ખાડો ખોદી તેમાં રાખી લીધી. પછી તે રોજ રાત્રે તેના પર સૂઈ રહેવા લાગ્યો. એક રાત્રે આ પ્રતિમાના અધિષ્ઠાયક દેવે-યક્ષે તેને સ્વપ્નમાં આવીને કહ્યું : 'હવે તું આ પ્રતિમાને બહાર કાઢજે અને પારકર (સિંધ)થી મેઘાશા નામનો એક શ્રાવક અહીં આવે તેને પાંચસો ટકા લઈને આપી દેજે. નહીં તો હું તને મરડીને મારી નાંખીશ. આ સ્વપ્નથી મુસલમાન ભય પામ્યો અને તેણે એ પ્રતિમાને ખાડામાંથી બહાર કાઢી એક સારી જગ્યાએ રાખી મૂકી. પછી તે મેઘાશાની રાહ જોવા લાગ્યો.'

આ સમયે પારકર સિંધ દેશમાં "ભૂદેશર' નામનું નગર હતું. ત્યાં ખેંગાર નામનો રાજા રાજ્ય કરતો હતો અને

અનેક શેઠ-શાહુકારો તથા વ્યાપારીઓ વસતા હતા. તેમાં કાજળશા નામનો એક મોટો વ્યાપારી હતો. તેણે પોતાની બહેનને મેઘાશા સાથે પરણાવી હતી. આ સાળા-બનેવી વચ્ચે સારી પ્રીતિ હતી. એટલે એક દિવસ કાજળશાએ મેઘાશાને કહ્યું કે, 'તમે ગુજરાત દેશમાં જઈ વ્યાપાર કરો. જે ધન જોઈશે તે હું આપીશ. તેમાં અમુક ભાગ મારો રાખજો. મેઘાશા તે માટે સંમત થયો અને કાજળશા પાસેથી ધન તથા કેટલાક ઊંટો લઈને વેપાર કરવા અર્થે પાટણ શહેરમાં આવ્યો.'

ત્યાં રાત્રે સ્વપ્ન આવ્યું કે આ ગામમાં એક મુસલમાન તને પ્રભુની પ્રતિમા આપશે તે પાંચસો ટકા આપીને તું લઈ લેજે. એથી તારી બધી ચિંતા દૂર થશે.

અનુક્રમે તે મુસલમાનનો ભેટો થયો અને મેઘાશાએ પાંચસો ટકા આપીને પ્રતિમાજી લઈ લીધા પછી તે રોજ તેની સેવા-પૂજા કરવા લાગ્યો. આથી તેને વેપારમાં સારો લાભ થયો અને તેનું મન આનંદમાં રહેવા લાગ્યું.

કેટલાક દિવસ બાદ મેઘાશાને પોતાના વતનમાં પાછા ફરવાનો વિચાર આવ્યો એટલે તેણે પોતાની પાસેના વીસ ઊંટો ઉપર રૂ ભર્યું. તેમાં પેલા પ્રતિમાજી મૂકી દીધા અને શુભ મુહૂર્તે પાટણથી પોતાના દેશ તરફ પ્રયાણ કર્યું.

રાધનપુર આવતા દાણીએ (દાણ ઉઘરાવનારે) પૂછયું કે, 'તમારી સાથે કેટલા ઊંટ છે.' મેઘાશાએ કહ્યું, 'વીશ' પરંતુ દાણીએ ગણ્યા તો ઓગણીશ થયા. આથી તેણે મેઘાશાને કહ્યું કે, 'તમે તો વીસ ઊંટ હોવાનું કહો છો અને આ તો ઓગણીશ

થાય છે.' મેઘાશાએ કહ્યું, 'તમારી ગણવામાં કંઈ ભૂલ થતી હશે ફરી ગણો' દાણીએ ફરી ઊંટ ગણ્યા તો તે બરાબર ઓગણીશ જ થયા અને ત્રીજીવાર ગણ્યા તો પણ તેટલાં જ થયા. તેણે કહ્યું, 'શેઠ આમાં સાચી હકીક્ત શું છે તે જણાવી દો.'

શેઠના સમજવામાં આવી ગયું કે નક્કી આ ચમત્કાર પેલી પ્રતિમાજીનો છે, જેમાં એ બિરાજે છે. તે ઊંટ આ દાણીની નજરે પડતો નથી. એટલે તેણે કહ્યું : દાણી ! મેઘાશા કદી જૂઠું બોલતો નથી. પણ એક ઊંટ પર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે. તેના પ્રભાવે તે ઊંટ તમને દેખાતો નથી. દાણી આશ્ચર્ય પામ્યો. તેણે એ પ્રતિમાના દર્શન કરવાની ઇચ્છા પ્રકટ કરી અને તેને દર્શન કરાવવામાં આવ્યાં. દાણીએ દાણ માફ કર્યું અને મેઘાશા અનુક્રમે પોતાના નગર ભૂદેસરમાં આવ્યા. કાજળશાને વધામણી મળતાં તેમણે મેઘાશાનું આડંબરથી સામૈયું કર્યું. ઘરે આવી મેઘાશાએ પેલા પ્રતિમાજીને સારા સ્થાનમાં પધરાવ્યા.

પછી કાજળશા મળવા આવ્યા. વેપાર વણજની વાતો થઈ અને શું ખર્ચ્યું તથા શું કમાયા ? તેનો હિસાબ માગ્યો. તે વખતે મેઘાશાએ પાંચસો ટકા પ્રતિમાજીના ગણાવ્યા. આથી કાજળશાએ ચીડાઈને કહ્યું : 'કે તમે આ શું કર્યું ? એક પથ્થરના પાંચસો ટકા ? તે મને પોશાસે નહીં.' ત્યારે મેઘાશાએ કહ્યું : 'કે એ પૈસા મારા માથે રહ્યા. હવે આ પ્રતિમાજીમાં તમારો ભાગ-બાગ કંઈ નહીં.' કાજળશાએ એ વાત કબૂલ રાખી.

મેઘાશાને મૃગાદે નામની સ્ત્રી હતી. તેનાથી તેમને બે પુત્રો થયા હતા. એક મહિયો અને બીજો મેરાશા આ બંને પુત્રો રત્ન સમાન હતા અને માતા-પિતાની આંખ ઠારતા હતા.

હવે મેઘાશાએ પેલા પ્રતિમાજીને ધનરાજ નામના પોતાના સંબંધીને સોંપ્યા અને તે એની નિત્ય સેવાપૂજા કરવા લાગ્યો. આ રીતે બાર વરસ વહી ગયા. ત્યાર પછી એક રાત્રે અધિષ્ઠાયક દેવે–યક્ષે સ્વપ્નમાં આવીને મેઘાશાને કહ્યું : 'તું કાલે પ્રભાતે વહેલો તૈયાર થજે અને ભાવલ નામના ચારણ પાસેથી વેલ માંગી લઈ અને તેને બે નાના બળદો જોડજે અને તેમાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પધરાવીને તું જાતે જ એ વેલને હાંકજે. પાછું વળીને જોઈશ નહિ. તારે આ વેલને 'થલવાડી' તરફ લઈ જવાની છે.'

મેઘાશા વિમાસણમાં પડ્યો. પણ યક્ષે કહ્યું તેમ કરવું જોઈએ. એટલે બીજા દિવસે સવારે તેણે વેલ જોડી. તેમાં પેલા પ્રતિમાજી પધરાવ્યા અને જાતે જ તે વેલને હાંકવા લાગ્યો. રસ્તામાં એક ઉજ્જડ ગામ આવ્યું. ત્યાં મેઘાશાએ પાછું વળીને જોયું એટલે વેલ ત્યાં જ થંભી ગઈ. આગળ ચાલી નહિ. આથી મેઘાશાને ઘણો પસ્તાવો થયો. પણ હવે શું થાય ? આખો દિવસ ગમગીનીમાં પસાર કરીને રાત્રે નિદ્રાધીન થયો. ત્યારે યક્ષે સ્વપ્નમાં કહ્યું : 'કે આ ગોડીપુર નામનું ગામ છે. અહીંથી થોડે દૂર દક્ષિણ દિશામાં તાજું છાણ પડેલું છે. ત્યાં કૂવો ખોદાવીશ તો મીઠું પાણી નીકળશે. તેની નજીકમાં એક આકડો છે. ત્યાં ચોખાનો સાથિયો પૂરેલો છે. તેની નીચે ઘણું ધન દટાયેલું છે તે તું લઈ લેજે. વળી નજીકમાં પથ્થરની ખાણ છે. તેમાંથી પથ્થરો મંગાવી શિરોહીના સલાટો પાસે સારા સ્થાને એક સુંદર મંદિર બંધાવજે અને તેમાં આ પ્રતિમાજી પધરાવજે.

મેઘાશાએ આ પ્રમાણે કર્યું અને પોતાના સગા સંબંધીઓ વગેરેને બોલાવી આ ગામ વસ્તીવાળુ કર્યું. પછી શિરોહીના સલાટોને બોલાવી શુભ મુહૂર્તે મંદિર બંધાવવાનું શરૂ કર્યું. હવે ધનની તંગી તો હતી નહિ એટલે તેને સુશોભિત બનાવવામાં શેની ઓછાશ રાખે ? મંદિરનું કામ ધમધોકાર ચાલવા માંડ્યું અને તેની કીર્તિ આસપાસના પ્રદેશમાં વિસ્તરવા લાગી.

ઉગતા સૂરજને કોણ ન નમે ? એક દિવસ તેમનો સાળો કાજળશા ત્યાં આવીને કહેવા લાગ્યો કે, 'તમે જે મંદિર કરાવો છો. તેમાં ખર્ચનો અર્ધો ભાગ અમારો ગણજો.'

મેઘાશાએ કહ્યું : 'હાલ તો આ પ્રતિમાજીના પ્રભાવે મારી પાસે ઘણું ધન છે. વળી મેં પ્રતિમાજીના પાંચસો ટકા આપેલા તે પણ તમે મારી પાસેથી વસુલ લીધા હતા અને કહ્યું હતું કે, આ પથ્થરનો ટુકડો શા કામનો ? માટે આ મંદિરનું બધું જ ખર્ચ મને જ કરવા દો.

આ ઉત્તરથી કાજળશાને ઘણું ખોટું લાગ્યું અને તે એનું વેર વાળવાના વિચારમાં પણ આવી ગયો. ક્રોધીને શાસ્ત્રકારોએ આંધળાની ઉપમા આપી છે તે ખોટી નથી. ક્રોધે ભરાયેલો માણસ સારૂં-ખોટું કાંઈ જોતો નથી અને સામે કોણ છે. તેનો વિચાર પણ કરતો નથી. આખરે કાજળશાએ મેઘાશાને મારી નાખવાનો વિચાર કર્યો અને તે માટે એક યોજના ઘડી કાઢી.

તેણે પોતાના નાના પુત્રોના લગ્ન લીધા અને બહેન-બનેવી બધાને તે પ્રસંગે પધારવાનું નિમંત્રણ આપ્યું. તેમાં બહેન ગઈ પણ બનેવી-મેઘાશા ન ગયો. એટલે તેને તેડવા માટે કાજળશા આવ્યો.

હવે આગલી રાત્રે જ યક્ષે સ્વપ્ન આપ્યું હતું કે, 'તું આ લગ્નમાં જઈશ નહિ. કદાચ જાય તો દૂધ પીઇશ નહિ અને ન્હવણનું જળ સાથે જરૂર લેતો જજે.' પરંતુ કાજળશાએ આવીને અતિ આગ્રહ કર્યો અને 'તમે નહીં આવો તો મારો આખો પ્રસંગ બગડશે.' એ વસ્તુ પર ખૂબ ભાર મૂક્યો. એટલે મેઘાશા જવા માટે તૈયાર થયો. પરંતુ છેલ્લી ઘડીએ ધમાલ એવી થઈ કે તે પ્રભુજીનું ન્હવણ લેવાનું ભૂલી ગયા.

અનુક્રમે તે બંને ભૂદેસર પહોંચ્યા અને લગ્ન પ્રસંગે સાથે જમવા બેઠા. તે વખતે પૂર્વ-સંકેત અનુસાર મેઘાશાને વિષ મિશ્રિત દૂધ પીરસવામાં આવ્યું. આજ વખતે તેને યક્ષવાળી વાત યાદ આવી પણ ભાણામાં આવ્યું તે એઠું ન મૂકવાનો નિયમ હોવાથી એ દૂધ પી ગયો અને થોડીવારમાં જ મૃત્યુ પામ્યો.

સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો અને નક્કી કાજળશાએ દગો કર્યો એ વાત સહુના લક્ષમાં આવી ગઈ. એટલે લોકો તેને ધિક્કારવા લાગ્યા. આખરે કાજળશાએ ગોડીપુર આવી અધુરૂં રહેલું મંદિર પૂરું કરાવ્યું અને તેમાં પ્રભુજીને પધરાવ્યા. પછી ધ્વજા ચડાવવાનો વખત આવ્યો ત્યારે ધ્વજા ચડાવી પણ તે પડી ગઈ. કાજળશાએ ફરી ધ્વજા ચડાવી તો પણ એમ જ બન્યું. છેવટે ત્રીજીવાર પ્રયત્ન કર્યો તો પણ તેમાં સફળતા મળી નહિ. આથી તે સમજી ગયો કે આમાં નક્કી કાંઈક રહસ્ય છે અને તેથી તે ખૂબ ખેદ પામ્યો.

રાત્રીએ મેઘાશાના પુત્ર મેરાશાને યક્ષે સ્વપ્ન આપ્યું કે કાજળશા કાળા કામનો કરનાર છે. તેણે તારા બાપને માર્યો

છે માટે તેને યશ લેવા નહિ દઉં. તું મારું સ્મરણ કરીને ધ્વજા ચડાવીશ તો એ બરાબર રહેશે.

બીજા દિવસે મેરાશાએ તેમ કર્યું. તો ધ્વજા બરાબર રહી ગઈ. ત્યાર પછી આ પ્રતિમાજીનો મહિમા ખૂબ પ્રસર્યો અને ગોડીપુર એક યાત્રાધામ બની ગયું.

આ હકીકત જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીની પરંપરામાં થયેલ પં. નેમિવિજયજીએ સં. ૧૮૧૭ની સાલમાં પંદર ઢાળોથી યુક્ત જે બૃહત્ સ્તવન રચ્યું છે તેમાં જણાવેલી છે.

અઢારમી સદીમાં થયેલ અંચલગચ્છીય શ્રી લાવણ્ય મુનિએ પણ શ્રી ગોડીપાર્શ્વનાથની ઉત્પત્તિ સંબંધી એક ચોઢાલિયું રચેલું છે અને તેમાં મેઘાશાની વાત જણાવી છે. પણ તેમાંની કેટલીક હકીકતો ઉપર્યુક્ત કથાથી જુદી પડે છે. તે અંગે તેમણે ત્રીજી ઢાળના અંતે જે શબ્દો જણાવ્યા છે તે લક્ષમાં લેવા જેવા છે.

"પહેલા સ્તવન ભણ્યા ઘણાં રે, તેમાં ઝાઝા સંવાદ,<br>સજ્જન સાચો સદ્‌હજો રે, શો રે જૂઠામાં સ્વાદ.''

તાત્પર્ય એ કે એ વખતે શ્રી ગોડીપાર્શ્વનાથની ઉત્પત્તિ સંબંધમાં કેટલોક વિવાદ પ્રવર્તતો હતો. તેનું શોધન કરીને પોતાને સત્ય લાગી તે હકીકતો તેમણે આ સ્તવનમાં જણાવી છે.

આ વિષયનો ભાવાર્થ આ પ્રમાણે છે.

(૧) સં. ૧૪૩૨ના ફાગણ સુદી બીજને શુક્રવારે પાટણમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી.

(૨) સં. ૧૪૪૫માં મુસલમાની આક્રમણનો ભય ઉપસ્થિત થતાં તેને ભોંયમાં ભંડારી દેવામાં આવી.

(૩) સં. ૧૪૬૫માં તે પાટણના સુબા હસનખાનના હાથમાં આવી. અને પાંચ વર્ષ તેના કબજામાં રહી.

(૪) સં. ૧૪૭૦માં મેઘાશા તેને પારકરમાં લાવ્યો અને ત્યાં તેની નિત્ય સેવા પૂજા કરવા લાગ્યો.

(૫) સં. ૧૪૮૨માં તે અંગે ગોડીપુરમાં મંદિર બંધાવવું શરૂ કર્યું. પણ તે પોતાની હયાતિમાં પૂરું થઈ શકયું નહિ.

(૬) સં. ૧૫૧૫માં તેના પુત્ર મહેરાને હાથે તેની પ્રતિષ્ઠા થઈ.

શ્રી ગોડીપાર્શ્વનાથનું તીર્થ વિક્રમની પંદમી સદીના અંતભાગે કે સોળમી સદીની શરૂઆતમાં અસ્તિત્વમાં આવ્યું.

મુંબઈ ગોડી પાર્શ્વનાથ દહેરાસરના જૂના ટ્રસ્ટી શ્રી ભાઈચંદભાઇ નગીનભાઈ ઝવેરીની ડાયરીમાં એવી નોંધ છે કે આશરે ૫૦ વર્ષ ઉપર શ્રી મક્ષીજીના તીર્થમાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ હતી અને દર્શન આપ્યા હતા. મોઘાજી સિંધિયાએ આ પ્રતિમા સાચવવા બંદોબસ્ત કર્યો હતો. પણ તે ત્રણ દિવસ પછી અલોપ થઈ ગઈ હતી. છેલ્લે દિવસે ૭૦,૦૦૦ માણસ ભેગા થયા હતા. આ દશ્ય પૂજ્ય મુનિરાજ શ્રી અમૂલ્યસાગરજીએ નજરે જોયું છે. તેઓશ્રી ચંદ્રસાગર–સૂરિજી શિષ્ય છે. (આ વાત શ્રી ચંદ્રસાગરજીએ કહી છે. સં. ૨૦૧૬ કા. વ. ૩.)

આ વાતને મુનિ શ્રી વિશાલવિજયજીએ સમર્થન આપ્યું છે. પરંતુ ઐતિહાસિક ઉલ્લેખ એમ કહે છે કે, શ્રી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા મૂળ મંદિરમાંથી થોડા સમયમાં અદશ્ય થયેલી નથી. એ તો પોતાનો પ્રભાવ વિસ્તારતી ઓગણીસમી સદીના અંત સુધી ત્યાં જ રહેલી હતી.

(૧) અચલગચ્છની બૃહદ્ પટ્ટાવલીમાં જણાવ્યું છે કે, વિ.સં. ૧૬૫૭માં કુંભા નામના શ્રાવકે શ્રી ધર્મમૂર્તિસૂરિજીના ઉપદેશથી સંઘ સહિત શ્રી ગોડી પાર્શ્વનાથની યાત્રા કરી હતી અને ત્યાં પંદર હજારનું દ્રવ્ય વાપર્યું હતું.

(૨) સં. ૧૮૫૨માં તપગચ્છપતિ શ્રી વિજયેન્દ્રસૂરિજીની નિશ્રામાં સુરતથી એક સંઘ ગોડીજીની યાત્રા કરવા નીકળ્યો હતો. જો કે આ સંઘ સૂઈગામથી આગળ વધવાનું કઠિન લાગતા ત્યાં જ રોકાયો હતો. પણ એ વખતે શ્રી ગોડી પાર્શ્વનાથની યાત્રા ચાલું હતી. એ નિશ્ચિત છે. અન્યથા તે માટે સંઘ કેમ નીકળે ?

(૩) ખરતરગચ્છ પટ્ટાવલી (સં.મુ. શ્રીજિનવિજયજી)માં લખ્યું છે કે વિ.સં. ૧૮૯૯માં જ્યેષ્ઠ વદિ પાંચમના દિવસે આચાર્ય જિનલાભસૂરિજી ૭૫ સાધુઓ સાથે ગોડીજી મહારાજની યાત્રા કરવા ગયા હતા.

(૪) વળી સિંધ-વિહાર વર્ણન પૃ. ૧૪૪ પર એવી નોંધ કરવામાં આવી છે કે, 'ગોડીજી પાર્શ્વનાથનું બાવન જિનાલયનું દેરાસર હતું. હાલાવાળા સુરજમલજીએ પોતાની નજરે જોયું હતું.'

આ ઉપરથી શ્રી ગોડીપાર્શ્વનાથની મૂળ મૂર્તિ અદશ્ય થઈ ગયાની વાત સંભવિત લાગતી નથી. એ મૂર્તિના દર્શન ચમત્કારિત રીતે અમુક અમુક સમયે અમુક અમુક સ્થાને થતાં રહ્યાં હોય તો તે બનવા જોગ છે.

આજે પણ શ્રી ગોડીપાર્શ્વનાથજીનું ભવ્ય જિનાલય પાકિસ્તાનની હકુમતમાં પારકર જિલ્લામાં ઉભું છે. ત્યાં વિદ્વાનોને

મોકલી પૂરી તપાસ કરાવવાની જરૂર છે. સંભવ છે કે એ તપાસમાંથી ઘણો નવો પ્રકાશ સાંપડે.

**વાવની પ્રતિમાજી ઉપરનો લેખ**

સં. ૧૪૩૨ વર્ષે ફાગણ સુદી બીજ ભૃગુવાસરે અંચલગચ્છે શ્રીમત્ મહેન્દ્રસૂરિ ગચ્છેશિતુઃ પિપ્પલાચાર્ય અભયદેવ સૂરિણામુપદેશેન ઉસવંશે શાહ મેપાકેન...

**શ્રી લાવણ્યસૂરિનું ચોઢાળિયું (સં. ૧૭૩૪)**

વિધિગચ્છ પક્ષ મહેન્દ્રસૂરિ ગચ્છેશ નિર્દેશે સાખાચારજ અભયસિંહસૂરિ ઉપદેશે...

ગોત્રમીઠડીયા ઓસવંશ પાટણપુર વાસી,
શાહ મેઘો જેણે સાત ધાત જિન ધર્મે વાસી. ૩

ચૌદ બત્રીસે ફાગણ સુદી બીજને ભૃગુવાસરે...

તેણે પઇઠ્ઠો પાર્શ્વબિંબ લેહવા નરભવ,
ચઉવિહિ સંઘ હજુર હરખે ખરચી ધન પરિમલ. ૪

પ્રતિમા લેંઈ આવે ગુરુ કન્હે જોઈ કહે શ્રી મેરુતુંગ રે,
તુમ દેશે એ અતિશયી તીરથ થાશે ઉત્તુંગ રે. ૫

શ્રી રૂપયતિજીનો છંદ (વિક્રમની સોળમી સદી) સં. ૧૪૩૧ ફાગણ સુદી ૨–શુક્રવારે શ્રી પાટણનગરે શ્રી ગોડીજી પ્રતિમા શેઠ મીઠડીયા વોહરા શા. મેઘા ખેતાણી પ્રતિમા ભરાણી છે. શ્રી અંચલઈ ગચ્છે શ્રી મેરૂતુંગસૂરિઈ પ્રતિષ્ઠિત સં. ૧૪૫૫ સમૈ ભંડારી સં. ૧૪૭૦ ગોડી મેઘૈ ખેતાણી પાટણથી પારકર

લે આયા. સં. ૧૪૮૨ દેહરો કરાવ્યો. સં. ૧૫૧૫ દેહરો પૂરો થયો. ગોડી મેહરા મેઘાણી ઇંડું ચઢાયો. ઇતિ શ્રેય.

**અચલગચ્છ પટ્ટાવલી...**

वि.सं. १४३२ गोडी पार्श्वनाथ बिंब प्रतिष्ठा अभयसिंहसूरीणां पतनेऽचल गणे खेताकेन तदनुं विक्रमात् १४३५ मेघाकेन गौडीगामे स्थापितं स्वनाम्ना...

**નેમિવિજયજીનું ૧૫ ઢાળિયું (સં. ૧૮૭૭)**

સં. ૧૪૩૨ મેં રે લો ફાગણ સુદની બીજ,
થાવરવારે થાપીયો રે લો નરપતિ પામ્યા રીઝ. ઢાળ. ૫
(ભૂદેસરમાં સ્થાપના કરી તેમ કહે છે.)

૧૪૪૪માં પ્રતિષ્ઠા થયાનું કહે છે. (ઢાળ ૧૪)

**અચલગચ્છની મોટી પટાવલી**

આ પ્રતિમા ૧૪૭૦માં પારકરમાં ગયાનું જણાવેલ છે. (ચોઢાળિયાં તથા રૂપજી યતિની પોથીમાં પણ આ જ વર્ષ બતાવેલ છે તે જ્યારે મેઘાશા મૂર્તિને પારકર લઈ ગયા. ત્યારે ૧૪૭૦ની સાલ હતી.)

**ચોઢાળિયું...**

મેઘો પાટણવાસી છે તેમ બતાવ્યું છે.
મા-બાપના સુકૃતને માટે ભરાવી તેમ કહ્યું છે.
મા-બાપના નામ બતાવ્યા છે.
ગોત્રનું નામ જણાવ્યું છે.

સં. ૧૮૮૨ ગોડીજીનો ચામરધારી વાવ મહાજને ભરાવ્યો. ગુજરાતીમાં આ મુજબનો લેખ ગોડીજીના જુના પિત્તળ પરિકર ઉપર છે.

પારકર દેશમાં વિહાર અને ત્યાંની જાણવા યોગ્ય માહિતી.

**"વીરશાસન"** સાપ્તાહીકના સં. ૧૯૩૯–૧૭મી માર્ચ વર્ષ ૧૭ અંક ૨૪મામાં પ્રગટ થયેલ ઉપરોક્ત લેખ અક્ષરશઃ અહીં એટલા માટે જ પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યો છે કે જેથી શ્રી ગોડીપાર્શ્વનાથના ઇતિહાસ અંગે વાચકોને નવું જાણવા મળે. પૂ. બાપજી મ.સા.ના સમુદાયના પૂ. પંન્યાસપ્રવર શ્રી ચરણવિજયજી ગણિવર્યશ્રીએ પારકર પ્રદેશમાં વર્ષો પૂર્વે વિચરીને જે જોયું–જાણ્યું એનો આ લેખમાં સુંદર ચિતાર રજુ કરવામાં આવ્યો છે. એથી વાંચકો અને ઇતિહાસ રસિકોને આમાંથી ઘણી માહિતી મળી રહેવાનો સંભવ છે.

## પં. શ્રી ચરણવિજય મ.સા.

(મોરવાડાવાળા)

(પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ સં. ૧૯૯૪માં વાવમાં હતું. ચોમાસા પછી પૂજ્યશ્રી પારકર દેશમાં ગયા હતા અને તે પછી તે વર્ષની ફાગણ સુદ–૫ના રોજ આ લેખ તેમણે લખેલ હતો.) (તેઓશ્રીએ નજરે જોયેલ હકીકતો ઉપર આ લેખ આધારીત છે.)

સદરહુ લેખમાંથી ઉતારો :–

**શ્રી ગોડીપાર્શ્વનાથનું રિક્ત મંદિર :-** વીરાવાવથી ૧૫ માઈલ દૂર થળ દેશના રસ્તા ઉપર ગોડીજીનું મહાપ્રભાવિક મેઘાશાનું કરાવેલ જિનાલય છે. આ મંદિર બાવન જિનાલય

છે. તમામ દેહરીઓ અને મૂળમંદિર હાલ મોજુદ છે. શ્રીસંઘ તરફથી માણસ રખાય છે. પ્રતિમાજી અદશ્ય હોવા છતાં તે તરફના હિંસક લોકો ભીલ અને કોળી લોકોને મંદિર પ્રત્યે ખૂબ જ માન છે. દહેરાસરને સામીજી તરીકે ઓળખે છે. લગભગ ૧૦૦ ભીલોના ઘર છે. પ્રાયઃ શિકાર નથી કરતા તે પ્રતાપ શ્રી ગોડીપાર્શ્વનાથનો છે.

**શ્રી ગોડીપાર્શ્વનાથ :-** વીરાવાવ નજીક એક માઈલ શ્રી ગોડીપાર્શ્વનાથની મૂર્તિ એક ટેકરામાં દાટેલ છે. લોકો કહે છે કે ઘણીવાર ખોદવા છતાં પ્રતિમા જડી નથી. પણ અહીં ચોક્કસ છે. તમામ જગ્યાએ ખોદવાની સરકારની સખત મનાઈ છે.

# શ્રી ગોડી પાર્શ્વનાથ

વાવ નગરે ભવ્ય શિખરબંધ જિનાલયમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથજી ૧૮ ઇંચ ઊંચા છે. મનોહર પરિકરમાં ફણાથી યુક્ત આ પ્રભુજીનું રૂપ અનુપમ છે. શ્વેત વર્ણના આ પ્રભુની શ્રદ્ધા અને ભક્તિથી ભક્તો નિત્ય પૂજા કરે છે. પદ્માસને રહેલા આ પ્રતિમાજીનો પ્રભાવ અપાર છે.

**અતીતના ઊંડાણમાં એક ડૂબકી :-**

પ્રભાવપૂર્ણ આ પ્રતિમાનો ઇતિહાસ જાણ્યા પછી સહજ છે કે ભક્ત હૈયું એક ઊંડી દીનતા અને નિરાશામાં ખોવાઈ જાય. ઠેર ઠેર પ્રભાવને પ્રસરાવી ચૂકેલુ અનુપમ બિંબ વર્તમાનમાં વિલુપ્ત છે. તે જાણકારીથી ઉભી થયેલી હતાશા જ હવે વિલુપ્ત થાય છે. કારણ કે વિલુપ્ત મનાતા આ મૂળ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુ વાવ નગરમાં વિદ્યમાન છે.

વાવ નગરના ભવ્ય મનોહર જિનાલયમાં મૂળનાયક પદે બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથજી તે વિલુપ્ત મનાતા મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ જ છે. તે હકીકતનું સમર્થન કરતાં સંખ્યાબંધ પૂરાવાઓ તાજેતરમાં જ ઉપલબ્ધ થયા છે.

શ્રી ગોડીપાર્શ્વનાથ તીર્થની ઉત્પત્તિની વિસ્તૃત કથા પૂર્વે જાણી લીધા પછી અહીં તે મૂર્તિના પસાર થયેલા અનેક તબક્કાઓને ક્રમસર જાણી લઈએ.

Memoir of Thur And Parker Dist of Sind. નામનું પુસ્તક તે વખતના પાર્કરના મેજીસ્ટ્રેટ Capt. Standy Napier Raixes દ્વારા લખાયેલું છે.

ઇ. ૧૮૫૬માં પ્રકાશિત પ્રસ્તુત પુસ્તકમાં પૃ. ૮૩–૮૪ ઉપર ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ અને મેળા વગેરે ઉપર લખાણ છે તે ૧૮મી ડીસેમ્બર ૧૮૫૪ના દિવસે Raixes દ્વારા લખાયેલ છે. Raixes લખે છે કે આ બધી માહિતી વીરાવાવના મહેતા (જૈન) નેન્સી અને સૂરજીએ આપેલ છે. જેઓએ મોરવાડાના છેલ્લા મેળા જોયા છે.

**પ્રસ્તુત પુસ્તકમાં અપાયેલી માહિતી :-**

- ગોડીજીની મૂર્તિ દોઢ ફૂટ ઊંચી છે.
- ગોડીગામ વીરાવાવથી ૧૪ માઈલ દૂર વાયવ્ય ખૂણામાં આવેલું છે.
- ઇ.સ. ૧૭૧૬ સુધી ગોડીજી ભગવાનની મૂર્તિ ગોડીગામના મંદિરમાં હતી.

- તે વખતના સોઢા શાસક સુતોજી ઇ. ૧૭૧૬માં મૂર્તિને લઈને પોતે બનાવેલ બખાસરના કિલ્લામાં લઈ ગયા. (સુતોજી વીરાવાવની ગાદી પર આવેલા દર્શનાર્થીઓ જે રકમ ભગવાનને ચરણે મૂકતાં તેમાંથી અર્ધી પૂજારીને મળતી અને અર્ધી સોઢાઓને મળતી. ગોડીજીના સોઢાઓ એ રકમમાં ઘાલમેલ કરે છે તેમ લાગવાથી સુતોજી ભગવાનને બખાસર લઈ ગયેલા.
- બખાસર લાવ્યા પછી એક વર્ષે મૂર્તિના દર્શન માટે મેળો યોજાયેલો. મૂર્તિને લીંબડાના ઝાડ નીચે ભંડારેલી અને પછી મેળા વખતે કાઢેલી.
- આ વખતે સુરતના નવલખા પરિવારના શ્રાવિકા દર્શન માટે આવેલા. સુતોજીએ દર્શન કરાવવા ઘણા પૈસા માંગેલા. છેવટે નવ હજાર રૂપિયા લઈ દર્શન કરાવ્યાં હતાં.
- ત્યાર પછી સુતોજી મૂર્તિને વીરાવાવ લાવેલા, ત્યાં પણ મેળો ભરાયેલો.
- મેળા વખતે દર્શનના સારા પૈસા મળતા. સારી ઓફર મળે તો મૂર્તિને લઈને રણને પાર મોરવાડા વગેરે સ્થળે પણ સોંઢાઓ જતાં. ૧૦૦ ચોકિયાતો તે વખતે સાથે રહેતા.
- આ રીતે મેળા ભરાતા હતા– સૂઈગામ ઇ. ૧૭૬૪, મોરવાડા ૧૭૮૮–૯૬, ૧૮૧૦–૨૨, વીરાવાવ ૧૮૨૪.
- ૧૮૩૨માં તત્કાલીન સોઢા શાસક પુંજોજી, તેમના દુશ્મન સીંધના મીરોના હાથમાં પકડાયા અને મરાયા. ત્યારબાદ કોઈએ મૂર્તિ દેખી નથી. પૂંજોજી પોતે મૂર્તિને ભંડારતો અને કાઢતો. પોતાના વારસદારને સંતાડવાનું સ્થળ

કહેવાનું રહી ગયું અને અચાનક તેનું મૃત્યુ થયું. તેથી મૂર્તિનું શું થયું તે ખ્યાલ નથી આવતો.

- કહે છે કે પૂંજોજી એક જગ્યાએ મૂર્તિને ભંડારતો પછી તેને સ્વપ્ન આવતું કે અમુક જગ્યાએ ખોદજે. ભંડારી હોય મૂર્તિ ક્યાંય અને સ્વપ્ન બીજી જગ્યાનું આવે અને છતાં સ્વપ્ન પ્રમાણે જ મૂર્તિ મળતી.
- મૂર્તિને લલાટે કીમતી હીરો (તિલક) હતો અને છાતીએ સ્તન પ્રદેશ પર બે હીરા હતા.[૧] આમ લગભગ તત્કાલીન સંતો મૂર્તિ વિલુપ્ત થઈ એમ બતાવે છે, પરંતુ સોઢા દરબારોના રાજબારોટ કેશાજી માનાજી અણદાજી (મૂળ વતન ભદ્રેશ્વર-પારકર) પાસેથી એક ચોપડો મળ્યો છે. તેમાં ઉપરોક્ત વિગતો તો છે જ. પરંતુ ત્યારબાદની એવી વિગતો મળે છે. જે બીજે ક્યાંય મળતી નથી. ચોપડાની ભાષા જૂની ગુજરાતી છે. શિરોરેખાવાળી ગુજરાતીમાં લખાણ લખાયેલું છે.
- પૂંજોજી મરાયા તે પછી થોડો સમય મૂર્તિ જમીનમાં ભંડારેલી રહી. ત્યારબાદ પૂંજોજી મરાયા તે ઢકવાણીના ઢોરા ઉપર રહેલી મૂર્તિને નારણજી સોઢાએ બહાર કાઢી.

પારકરમાં તે વખતે મોરોનો માણસ મીરોજખાન બલોચ રહેતો. તે સોઢાઓને બહુ હેરાન કરતો. તેથી નારણજી સોઢા મૂર્તિ લઈ ગુજરાતમાં આવતા રહેલા અને કુંડાલિયા ગામે પોતાના સંબંધી હોવાથી ત્યાં કુંડાલિયા ગામમાં રહ્યાં.

---

૧. વાવમાં બિરાજમાન ગોડીપાર્શ્વનાથ ભ.ના સ્તનપ્રદેશ ઉપર હીરો ગોઠવાય તેવા બે ખાંચા છે.

આ વખતે એક મોટો સંઘ ઘણા તીર્થોની યાત્રા કરી રાધનપુર આવ્યો. ૧૫-૨૦ દિવસ ત્યાં રોકાયો. સંઘના લોકોને ગોડીજીના દર્શનની ઘણી ભાવના થઈ. રાધનપુરના આગેવાન નરપતલાલ ઝોટાને ખબર પડવાથી તેમણે કુંડાલિયા નારણજી સોઢા ઉપર ચિઠ્ઠી લખી. સોઢા મૂર્તિ લઈ રાધનપુર ગયા.

રાધનપુરમાં સાત દિવસ ઉત્સવ ચાલ્યો. સં. ૧૮૪૨માં આ ઘટના ઘટી. ત્યાંથી નારણજી સોઢા ખાનપુર (થરાદ પાસે) આવ્યા. ખાનપુરમાં સોઢાઓ આજ દિવસ સુધી ગોડીજીના પાટને પૂજે છે અને દારૂ માંસ વાપરતા નથી.

થોડો કાળ પસાર થતાં નારણજી સોઢાએ પારકર જવા વિચાર્યું. પણ પ્રતિમાનું શું કરવું ? પારકરમાં મોરોનું જોર ઘણું છે, પોતે ત્યાં ટકશે કે કેમ ? આ બધી વિમાસણ વચ્ચે તેમને વાવની ગાદીએ બેસેલા ભવાનસીંગ માનસીંગની યાદ આવી. તેમની પાસે આવી કહ્યું કે, 'તમારા કારભારીઓ જૈન છે. તેમને ગોડીજીની મૂર્તિ આપું, જેથી સેવા પૂજા ચાલુ રહે. પારકરમાં જો વ્યવસ્થિત તંત્ર હશે તો આવીને મૂર્તિ લઈ જઈશ.' આ રીતે સં. ૧૮૪૩માં આ મૂર્તિ વાવના કારભારી એવા જૈનોને આપી અને કહ્યું કે, 'થોડો સમય આ મૂર્તિ સંતાડી રાખશો. અમારા દુશ્મન મીરો મૂર્તિને જોશે તો તમારા પર ત્રાટકશે, તે અમને પણ હેરાન કરશે.'

વાવ ગામમાં આથમણી દિશાએ ગોરજીના ઉપાશ્રયમાં મૂર્તિ રાખવામાં આવી ને ત્યારબાદ નવું મંદિર બનાવી વિધિસર પ્રતિષ્ઠા કરાવી.

અત્યારે એ ગોડીજી ભગવાનની મૂર્તિ ગોરજીના ઉપાશ્રયની બાજુના મંદિરમાંથી લઈ ગામની વચ્ચે નવા કરાયેલ જિનમંદિરમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરાયેલ છે. ગોડીજી ભગવાનના યક્ષના નામે ઓળખાતી એક પાર્શ્વયક્ષની મૂર્તિ પણ હવે ગોડીજી ભ.ના જિનાલયમાં બિરાજમાન છે.

શ્રી ગોડીપાર્શ્વનાથ ઉત્પત્તિ ગર્ભિત મેઘા-કાજળના ઢાળીયામાં આવતા વર્ષ માસ તિથિ અને નિર્માતાના નામ સાથે વાવમાં વર્તમાનમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથની મૂર્તિ પરનો શિલાલેખ અદ્ભૂત સામ્ય ધરાવે છે.

વાવમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની ઊંચાઈ પણ દોઢ ફૂટ છે. પૂર્વોક્ત ઉલ્લેખ તે મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથની મૂર્તિ પણ દોઢ ફૂટ ઊંચી હોવાનું જણાવે છે.

વાવની ગોડી ગામથી ભૌગોલિક નિકટતા અને બન્ને પ્રદેશ વચ્ચેના તે કાળમાં ચાલતાં પુષ્કળ વ્યાપાર-વ્યવહાર સંબંધી મળતી ઐતિહાસિક વિગતો પણ ઉપરોક્ત ઉલ્લેખોનું સમર્થન કરે છે.

તેથી વાવમાં બિરાજમાન શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ તે વિલુપ્ત મનાતા મૂળ શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ જ છે, તે હવે નિ:શંક અને નિર્વિવાદ પૂરવાર થાય છે.

અચલગચ્છના શ્રી મહેન્દ્રસૂરિની શાખામાં થયેલ અભયસિંહ આચાર્યના ઉપદેશથી મીઠડીયા ગોત્રના ઓસવાળવંશી પાટણનિવાસી મેઘાશાએ સં. ૧૪૩૨ના ફાગણ સુદ-૨ ભૃગુવારે પોતાના પિતા ખેતા અને માતા નોડિના શ્રેયાર્થે આ શ્રી ગોડી પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું હતું.

વિ.સં. ૨૦૩૦ના વૈશાખ સુદ–૧૦ના દિવસે નૂતન જિનાલયમાં પૂજ્યપાદ સંઘસ્થવિર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના પટ્ટાલંકાર સ્વ. પૂ. આ. શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે વાવ ગામમાં શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

સતીતના ઊંડાણમાં ડૂબકી લગાવતા જાણ્યું તેમ kઠª¬ïR ¬¥ß§R _«£nœb¨®¯¬¥q¨«£ પુસ્તકમાં આ મૂર્તિનો તબક્કાવાર ઇતિહાસ જાણવા મળે છે.

બારોટ કેશોજી માનાજી અણદાજીના ચોપડામાંથી મળતી અનેક વિગતો શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુજી વિલુપ્ત થયાની શંકાને દૂર કરી તે પ્રભુજી વાવમાં બિરાજમાન છે. તે હકીકતનું સમર્થન કરે છે. શ્રી લાવણ્યમુનિ રચિત શ્રી ગોડી પાર્શ્વનાથનું ચોઢાળીયું શ્રી વીરવિજયજી કૃત શ્રી ગોડીપાર્શ્વનાથ રાસ તથા નેમિવિજય કૃત મેઘા કાજળના ઢાળિયામાંથી આ પ્રતિમાનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે.

## પ્રભુના ધામની પીછાણ :-

બનાસકાંઠા જિલ્લાનું વાવ તીર્થ પ્રાચીન છે. અહીંના જૈનો સુખી અને ધર્મભાવનાથી યુક્ત છે. શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુનું ભવ્ય શિખરબંધી તીર્થ અહીં શોભાયમાન છે. શ્રી અજિતનાથ ચતુર્વિંશતિ જિન મહાપ્રાસાદનું નવ નિર્માણ થયું છે. મૂળનાયક શ્રી અજિતનાથ પ્રભુની વિશાળકાય ધાતુમૂર્તિ દર્શકોને ભાવ વિભોર બનાવે છે. ભોરોલ–ઢીમા–થરાદ આદિ

તીર્થો નિકટમાં આવેલ છે. ઉપાશ્રયો, આયંબીલશાળા તથા જ્ઞાનભંડાર પણ અહીં છે. પ્રભાવક પૂ. આચાર્ય ભગવંતોના અહીં ચાતુર્માસ થાય છે. અહીંની વિશાળ પાંજરાપોળમાં અબોલ પશુઓનું રક્ષણ અને પોષણ થાય છે.

## પ્રાચીનતાના પુરાવા :-

શ્રી કલ્યાણસાગરસૂરિ, શ્રી વિદ્યાસાગરસૂરિ, પંન્યાસ શ્રી શુભસાગરગણિ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ અનેક મહાપુરુષોએ રચેલા શ્રી ગોડી પાર્શ્વનાથનાં સ્તોત્રો આજે ઉપલબ્ધ છે.

સં. ૧૬૬૦માં રચાયેલા શ્રી પ્રીતિવિમલ કૃત "શ્રી ગોડી પાર્શ્વનાથ ઉત્પત્તિ સ્તવન'' અંચલગચ્છીય શ્રી લાવણ્ય મુનિએ અઢારમા સૈકામાં રચેલું "શ્રી ગોડી પાર્શ્વનાથજીનું ચોઢાળિયું" તથા સં. ૧૯૧૭માં રચાયેલા શ્રી નેમવિજય કૃત "શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન'' પરથી શ્રી ગોડી પાર્શ્વનાથનો ઉદ્‌ભવ તથા ઇતિહાસ પ્રાપ્ત થાય છે.

સં. ૧૬૬૭માં રચાયેલા શ્રી શાંતિકુશલ કૃત 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન'માં શ્રી પાર્શ્વપ્રભુના ૧૧૦ નામોનો ઉલ્લેખ કરેલો છે.'

કુશલલાભ, શ્રી ઉદયરત્ન, શ્રી ધર્મસિંહ, શ્રી અભયસો આદિના રચેલા શ્રી ગોડી પાર્શ્વનાથના મનોહર છંદો શ્રી ગોડી પાર્શ્વનાથના મહિમાને ગાય છે. તદુપરાંત નાનાં-મોટા અઢળક

સ્તવનો–સ્તુતિઓ અને થોયો શ્રી ગોડી પાર્શ્વનાથજીને અનુલક્ષીને લખાયેલ છે.

શ્રી પ્રેમવિજય, શ્રી નયસુંદર, મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી ગણિવરના શિષ્ય, શ્રી ગુણવિજયજીના શિષ્ય, શ્રી રત્નકુશલ, શ્રી મેઘવિજય ઉપાધ્યાય, શ્રી જ્ઞાનવિમલ, શ્રી કલ્યાણસાગર, શ્રી ઉત્તમવિજય આદિએ પોતાની રચનાઓમાં શ્રી પાર્શ્વપ્રભુના ભિન્ન–ભિન્ન નામો દર્શાવતા શ્રી પાર્શ્વપ્રભુના આ નામનો પણ નિર્દેશ કરેલો છે.

## શ્રી ગોડી પાર્શ્વ પ્રભુના ધામ અનેક

શ્રી ગોડીપાર્શ્વનાથજીનાં તીર્થો તરીકે વર્તમાનમાં મુંબઈ પાયધુની પરનું જિનાલય વધુ પ્રસિદ્ધિ પામેલું છે. ભારતના અનેક રાજ્યોમાં શ્રી ગોડીપાર્શ્વનાથજીના જિનાલયો અને બિંબો વિદ્યમાન છે.

ગુજરાત–અમદાવાદમાં શાહપુરના મંગળપારેખના ખાંચામાં તથા એલીસબ્રીજની કલ્યાણ સોસાયટી, જમાલપુર ટોકરશાહની પોળ, સાબરમતી, રાળજ, વડોદરાની ડેરાપોળ, સુરતમાં માલી ફળિયા, કાયસ્થમહોલ્લો, નાનપરા, વડોચૌટા ને ગોળશેરીમાં, આલીપોર, ગણદેવી, થરાદ, વાવ, મોરવાડા, રાધનપુર ગોડીજી શેરી, પાટણના સાળવીવાડમાં, નરોડા, મુજપુર, બીજાપુર, ઇડર, રીદ્રોલ, જામનગર–ડેલી ફળિયું, ભાવનગર વોરાબજાર અને ગઢવાળી રાપર, (કચ્છ), જખૌ (કચ્છ), મોરબી, પાલીતાણા આદિ. તથા

મહારાષ્ટ્રમાં મુંબઈમાં પાયધૂની, પટવાચાલ અને નારાયણ ડાભોલકર રોડ પર પુના-સિટી વેતાળ પેઠ, સિનોલી, માટુંગા અને શાહપુર આદિ.

રાજસ્થાનમાં ફલોધિ, જેસલમેરમાં ખરતરગચ્છનો ઉપાશ્રય તથા સુપાર્શ્વનાથ દેરાસર ઉપર, પાલી, જાલોર, આહોર, કોસાણા, બિકાનેર, ગઢસીવાના, કોરડી, અજમેર, સોજતસીટી, બડાવિઠોડા, નાડલાઈ, પિંડવાડા, ધાણેરાવ, સિરોહી, મંડવારિયા, મોટાગામ અને જશવંતપુરા, ગોડીજી મહોબ્બતનગર, આહોર અને ગોઈલીમાં તો ભવ્યાતિભવ્ય બાવન જિનાલયમાં મુખ્ય ગર્ભગૃહમાં સુરમ્ય ગોડી પાર્શ્વનાથ શોભી રહ્યા છે.

મેવાડ-ઉદયપુરમાં માલદાસની શેરી તથા સિંગટવાડી, ઑકી શેરી, કેસર (કેર) અને કલવા આદિમાં.

માલવામાં તાલનપુર જંગલમાં.

મધ્યપ્રદેશ-મલકાપુર અને બાલાપુર આદિમાં.

ઉત્તરપૂર્વ ભારતમાં વારાણસી, આગ્રા અને અજીમ-ગંજમાં, દક્ષિણભારતમાં હૈદ્રાબાદમાં કોઠીમાં તથા બેગમબજાર અને પરભણીમાં, તદ્દુપરાંત શ્રીગોડી પાર્શ્વનાથના અનેક બિંબો ભારતભરનાં અનેક જિનાલયોમાં બિરાજમાન છે.

શ્રી ગોડીપાર્શ્વનાથજી પ્રભુના પ્રગટ થવાથી કેટલાક સ્થાનોમાં તેમના પગલાના સ્થાને મંદિર બંધાવી તેમાં શ્રી ગોડી પાર્શ્વનાથના પાદયુગલને સ્થાપિત કરવામાં આવેલા છે. આ સ્થાન વરખડી તરીકે ઓળખાય છે. રાધનપુર, મોરવાડા,

સૂઈગામ અને થરા પાસે નદી કિનારે 'વરખડી'ના નામથી ઓળખાતા શ્રી ગોડીપાર્શ્વનાથજીના પગલાં બિરાજમાન છે.

**સંઘપતિ શેઠ ડાહ્યાભાઈનો ગોડીજીનો સંઘ સં. ૧૮૬૨ :-**

સુરતના સંઘપતિ શેઠ ડાહ્યાભાઈએ સં. ૧૮૬૨માં સુરતથી મોરવાડા ગોડીજી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેઓ અમદાવાદમાં નગરશેઠ વખતચંદને મળ્યા હતા. તેમણે સંઘમાંથી પાછા સુરત આવી વડાચૌટામાં નગરશેઠની પોળમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનનું મોટું જિનાલય બંધાવ્યું.

**મોરવાડાનો ગોડી પાર્શ્વનાથનો સંઘ :-**

(૧) સંઘવી પ્રેમચંદ લવજી મોદી સુરતી, (૨) શા. ગોવિંદજી મસાલિયા રાધનપુરી અને (૩) શેઠ ઉદયરામજી લીંબડીના દીવાન એ ત્રણેએ મળીને સંઘપતિ બની વિ.સં. ૧૮૫૨માં તપાગચ્છના ભટ્ટારક શ્રી વિજય જિનેન્દ્રસૂરિની અધ્યક્ષતામાં ગુજરાતના મોરવાડાનો ગોડી પાર્શ્વનાથનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો અને સં. ૧૮૫૨ના ચૈ. વ. ૨ના રોજ યાત્રા કરી.

વિ.સં. ૧૭૫૫માં સુરતથી જે સંઘ નીકળેલો તે રાધનપુર–મોરવાડા–સુઈગામ–ગોડીજી–નગરપારકર–સુઈગામ –થરાદ થઈને મારવાડના તીર્થોની યાત્રા કરીને આબુ–મહેસાણા–અમદાવાદ થઈને સુરત ગયેલો. તેના વર્ણનને સમજવા આ તીર્થમાળા દરરોજ એકવાર પણ અવશ્ય વાંચવા જેવી છે.

૩–એ–૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ, સુરત.
n*;X1F<>0OG1UUV-<WU<
';1X1WVWVV--<V-S

લી.
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા




## "તીર્થમાલા" એટલે અનેક તીર્થોની યાત્રા

શ્રી નગરપારકરથી આશરે ૫૦માઈલ દૂર ગોડીમંદિર નામનું ગામ છે. તેનું ગોડીગામ એવું બીજું પણ નામ છે. ત્યાં શ્રી ગોડી પાર્શ્વનાથ પરમાત્મા બિરાજમાન હતા.

વિક્રમ સંવત ૧૭૫૫ની સાલમાં પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં એક મોટો સંઘ નીકળેલો, જે સુરતથી ભરૂચ-જંબૂસર-કાવી-ગાન્ધાર-ખંભાત-સાણંદ-વીરમગામ-શંખેશ્વર-રાધનપુર-મોરવાડા-સુઈગામ થઈને નગરપારકર જઈને ગોડી ગામમાં ગયો.

ત્યાં યાત્રા કરીને વળતાં સુઈગામ-થરાદ થઈને સાંચોર જઈ મારવાડના તીર્થોની યાત્રા કરી છ મહિને સુરત પાછો ફર્યો. ધન્ય છે તે સંઘને તથા તે સંઘપતિને કે તેઓએ માનવ જીવનને ઘણુંજ સફળ બનાવ્યું



એ જ....

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M. : 9925020106